
સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

જુલાઈ, ૨૦૨૩
વાર્ષિક લવાજમ
રૂ. ૧૨૫/-



ગુરુપૂર્ણિમાના પવિત્ર પર્વે

## ગુરુદેવનાં ચરણમાં
## કરીએ કરોડ વંદન...












## ઇંગ્લેન્ડની રાજધાની લંડન ખાતે મહંત સ્વામી મહારાજના દિવ્ય સત્સંગની અમીવૃષ્ટિ

તા. ૨-૫-૨૦૨૩ થી તા. ૮-૬-૨૦૨૩ સુધી સતત ૩૮ દિવસ સુધી યુ.કે.ની રાજધાની લંડન ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં બિરાજીને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે હજારો ભક્તો-ભાવિકોને પોતાના સત્સંગ અને સાંનિધ્યથી ધન્ય કર્યા હતા. લંડનમાં આ દરમ્યાન તેઓના સાંનિધ્યમાં ઊજવાયેલા રંગોત્સવ, બ્રિટિશ હિન્દુ કૉન્ટ્રિબ્યૂશન્સ ડે જેવા વિવિધ ઉત્સવોમાં હજારો ભક્તો અને મહાનુભાવોએ લાભ માણ્યો હતો. આ અવસરની કેટલીક સ્મૃતિ છબિઓ. (૧) મંદિરના પ્રાંગણમાં રંગોત્સવની ઝડી માણવા ઊમટેલો વિશાળ ભક્તસમુદાય. (૨) પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દીના ઉપક્રમે લંડનના બી.એ.પી.એસ. મહિલા-યુવતી મંડળે તૈયાર કરેલા બબલ રેપ પેઇન્ટિંગને ગિનિઝ બુક ઓફ વર્લ્ડ રેકર્ડમાં સ્થાન અપાયું. એ બહુમાનને પ્રાસાદિક કરતા સ્વામીશ્રી. (૩) બ્રિટિશ હિન્દુ કૉન્ટ્રિબ્યૂશન્સ ડે પ્રસંગે યુ.કે.ના પ્રસિદ્ધ લોકનેતા શ્રી બોબ બ્લેકમેન અને અન્ય મહાનુભાવો સહિત વિશાળ ભક્તમેદની દ્વારા આરતીનું અર્ઘ્ય.



સંપાદકીય

# એવા મહાન ગુરુહરિનાં ચરણોમાં કરીએ કરોડ વંદન...



## ક્રમિકા


૩. સંપાદકીય

૪. ઇંગ્લૅન્ડમાં મહંત સ્વામી મહારાજનું શાનદાર સ્વાગત

૨૩. ગુજરાતમાં વધુ સાત ગામોમાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં ઊજવાયા શાનદાર મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો

૩૦. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ઠેર ઠેર યોજાઈ યુવા શિબિરો

૩૧. દક્ષિણ આફ્રિકાના લિલોંગ્વે ખાતે બી.એ.પી.એસ. દ્વારા યોજાયો નિઃશુલ્ક મોતિયા ઓપરેશન કેમ્પ

૩૨. અક્ષરવાસ

૩૩. અભિનંદન

૩૩. ચાતુર્માસના વિશેષ નિયમો

૩૪. બિપોરજોય વાવાઝોડામાં અસરગ્રસ્તોની વહારે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા...


'ગુરુ બિન કૌન બતાવે બાટ, બડા વિકટ યમ ઘાટ...' સંત કબીરજીની આ પંક્તિ જીવનમાં ગુરુની આવશ્યકતા પર ભાર મૂકે છે. 'मनश्चेन्न लग्नं गुरोरंघ्रिपद्मे, ततः किं ततः किं ततः किं ततः किम्...' કહેતાં શ્રીમદ્ આદિ શંકરાચાર્યજી ગુરુનાં ચરણોમાં મન મૂકવું તે જીવનની તમામ સિદ્ધિઓથી અધિક ગણાવે છે. ભલે દુનિયાના કોઈપણ ક્ષેત્રમાં ગમે તેટલી ઊંચાઈએ પહોંચ્યા હોઈએ, પરંતુ સાચા ગુરુનાં ચરણમાં મન સમર્પિત નથી કર્યું તો શંકરાચાર્યજી તે સિદ્ધિઓને નિરર્થક ગણાવે છે. પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ વચનામૃત અને હરિચરિત્રામૃતસાગર જેવા ગ્રંથોમાં એવા મહાન ગુરુને સાક્ષાત્ પરમાત્માના સ્વરૂપ સમાન ગણાવ્યા છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રબોધેલ સ્વામિનારાયણીય તત્ત્વજ્ઞાન કે અક્ષરપુરુષોત્તમ દર્શનમાં એવા આદર્શ ગુરુ એટલે કે સાક્ષાત્ અક્ષરબ્રહ્મને જ પરબ્રહ્મના સાક્ષાત્કારનું અને મોક્ષનું દ્વાર માનવામાં આવે છે. આ બાબત માત્ર માન્યતા જ નહીં, પરંતુ લાખો હરિભક્તોનો અનુભવ પણ બની રહી છે. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીથી લઈને વર્તમાન સમયે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં લાખો લોકોએ તેની અનુભૂતિ કરી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં એવા અક્ષરબ્રહ્મરૂપ ગુરુનાં જે લક્ષણો દર્શાવ્યાં છે તેની પ્રતીતિ આજે પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજમાં અસંખ્ય લોકોએ અનુભવી છે અને અનુભવી રહ્યા છે. આવા મહાન ગુરુના આશ્રયે જઈને ગુરુપૂજન કરવું એટલે તેમના આદેશો અને આદર્શો પર ચાલીને ગુરુરૂપ થવાનો અવસર. આવું ગુરુપૂજન એ વ્યક્તિપૂજા નથી, એ તો આપણે માટે વ્યક્તિ મટીને પરમાત્મામાં ખોવાઈ જવાનો અવસર છે. ગુરુપૂર્ણિમાએ એવા મહાન ગુરુદેવ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં ચરણોમાં કોટિ કોટિ વંદન. ◆


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



ગુણાતીતોऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥

**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૫, અંક : ૭,**
**જુલાઈ, ૨૦૨૩**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી

**પ્રકાશક** : સાધુ કેશવજીવનદાસ, સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક**: સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)



**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**
**magazines.baps.org**




મહંત સ્વામી મહારાજે કર્યો સ્વામિનારાયણ અક્ષરધામ યાત્રાનો મંગલ આરંભ

# ઇંગ્લેન્ડમાં મહંત સ્વામી મહારાજનું શાનદાર સ્વાગત





યુ.કે.-યુરોપની ધરતી પર ભારતીય સંસ્કૃતિ અને સનાતન હિન્દુ ધર્મની ગૌરવધજા ફરકાવતું લંડનનું બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું એક યુગકાર્ય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે આપેલા આદર્શોને કેન્દ્રમાં રાખીને આ મંદિર અસંખ્ય લોકોમાં આદર્શ નાગરિક, આદર્શ વ્યક્તિ અને આદર્શ ભક્ત થવાના સંસ્કારો સીંચી રહ્યું છે. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના સંકલ્પે આ મંદિર રચીને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે આવનારી અનેક પેઢીઓમાં ભારતીય આધ્યાત્મિક પરંપરાનું સિંચન અને જતન કરી દીધું છે.

તા. ૨-૫-૨૦૨૩ના રોજ ઇંગ્લેન્ડની રાજધાની લંડનના નિસડન વિસ્તારમાં આવેલું આ મંદિર પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક અનુગામી પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આગમનથી ઝળહળી ઊઠ્યું અને હજારો ભક્તોનાં હૈયાં તેઓના શાનદાર સ્વાગત માટે થનગની ઊઠ્યાં.

અમેરિકાના ન્યૂજર્સી રાજ્યમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આદેશ અનુસાર નિર્માણ પામી રહેલા સ્વામિનારાયણ અક્ષરધામના ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ માટે યોજાયેલી આ 'અક્ષરધામ યાત્રા'નો આરંભ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે ઇંગ્લેન્ડથી કર્યો છે.

છેલ્લાં પાંચ વર્ષોથી ઇંગ્લેન્ડ-યુરોપના હજારો આબાલવૃદ્ધ ભક્તો મહંત સ્વામી મહારાજના આગમનની પ્રતીક્ષા કરી રહ્યા હતા. તેઓના આગમનથી હરખાઈ ઊઠેલા એ હજારો આબાલવૃદ્ધોએ પોતાના પ્રાણપ્યારા ગુરુહરિ પરમ પૂજ્ય સ્વામીશ્રીનું શાનદાર સ્વાગત કરીને સતત એક મહિના સુધી તેઓના દિવ્ય સાંનિધ્યનો અવિસ્મરણીય લાભ માણ્યો હતો. સૌના આધ્યાત્મિક ઉત્કર્ષ માટે ૯૦ વર્ષની જૈફ વયે વિચરણ કરી રહેલા મહંત સ્વામી મહારાજે ઇંગ્લેન્ડમાં બિરાજીને સૌને અપાર આધ્યાત્મિક પ્રેરણાઓથી છલકાવી દીધા હતા. અહીં તેની એક ઝલક માણીએ...




*તા. ૨-૫-૨૦૨૩ થી તા. ૮-૬-૨૦૨૩ સુધી યુ.કે.ના મહાનગર લંડનના નિસડન સ્થિત વિશ્વવિખ્યાત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં બિરાજીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સૌને અપાર સત્સંગસુખ આપ્યું હતું. વહેલી સવારે ઠાકોરજીનાં દર્શને પધારી તેઓનાં શ્રીચરણોમાં આરતી-અર્ઘ્ય અર્પતા સ્વામીશ્રીનાં દર્શનથી સંતો-હરિભક્તો ધન્ય બન્યા હતા. સ્વામીશ્રીની પ્રાતઃ પૂજાદર્શનનો લાભ તેમજ કથામૃતનો લાભ પણ સૌને પ્રાપ્ત થયો હતો. પૂજામાં બાળકો-કિશોરો-યુવકો અને હરિભક્તોએ વિવિધ રજૂઆતો કરીને સ્વામીશ્રીની કૃપાદૃષ્ટિ ઝીલી હતી. વળી, સંગીતજ્ઞ સંતો-ભક્તો અને કલાકારોએ સ્વામીશ્રીની પ્રાતઃ પૂજામાં પોતાની સંગીત-કલા પાવન કરી હતી. જુદા જુદા દિવસોએ સ્વામીશ્રીએ હરિભક્તો-ભાવિકો-મહાનુભાવોને સમીપદર્શનનો લાભ આપી વિશેષ સ્મૃતિઓ આપી હતી. દેશ-પરદેશમાં ઘરે બેઠાં અસંખ્ય હરિભક્તો-ભાવિકોએ ઓનલાઈનના માધ્યમથી સ્વામીશ્રીની પ્રાતઃ પૂજાનાં દર્શન તેમજ સત્સંગ સભાઓનો લાભ પ્રાપ્ત કર્યો હતો.*

*૯૦ વર્ષની વયે, પોતાના સ્વાસ્થ્યને ગણકાર્યા સિવાય સ્વામીશ્રીએ રોજના ભરચક કાર્યક્રમો વચ્ચે સત્સંગ સભાઓમાં લાભ આપીને યુ.કે.-યુરોપના આબાલ-વૃદ્ધ હરિભક્તોને સત્સંગ-ભક્તિના આનંદથી છલકાવી દીધા હતા. વ્યક્તિગત મુલાકાતો, વિમર્શો અને આધ્યાત્મિક ગોષ્ઠિઓમાં સ્વામીશ્રીનું સામીપ્ય સૌ માટે વિશેષ આધ્યાત્મિક બળ પ્રેરનારું બની રહ્યું હતું. બેનમૂન હવેલીમાં નિયત દિવસોએ સંધ્યા સમયે યોજાતા વિવિધ ભક્તિભર્યા દિનની ઉજવણીમાં ગુરુહરિનું સાંનિધ્ય પામીને અસંખ્ય ભક્તો કૃતાર્થ બન્યા હતા. આવો, આપણે પણ તેમાં અવગાહન કરીને ધન્યતા અનુભવીએ...*

## ■ આગમન

તા. ૧-૫-૨૦૨૩ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે અમદાવાદથી સંતો-હરિભક્તોની ભાવભરી વિદાય લઈને રાત્રે ૧૦:૦૦ વાગ્યે હવાઈ જહાજ દ્વારા લંડન (યુ.કે.) તરફ ગતિ સાધી. તા. ૨-૫-૨૦૨૩ના રોજ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સંતોની સાથે સ્વામીશ્રી સવારે

૪-૫૯ વાગ્યે (લંડનના સમય પ્રમાણે) લ્યુટનના ‘Harrods Aviation’ ટર્મિનલ પર પધાર્યા. અહીં યોગવિવેકદાસ સ્વામી, પ્રબુદ્ધમુનિદાસ સ્વામી અને ટ્રસ્ટી શ્રી જિતુભાઈ પટેલે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને સાનંદ વંદન કરી, હારતોરા વડે સત્કાર્યા.

અહીંથી સૌએ લંડન તરફ પ્રયાણ કર્યું. વાતાવરણ ખૂબ ઠંડું હતું. માર્ગમાં ઊભેલા હરિભક્તોને દર્શનદાન આપતા બરાબર અહીંના સવારના ૬ઃ૩૩ વાગ્યે સ્વામીશ્રીએ નિસડનના બી.એ.પી.એસ. મંદિરમાં પ્રવેશ કર્યો તે સાથે જ જયજયકાર ગુંજી ઊઠ્યા. સંતોએ દૂરથી હાર અર્પણ કર્યો તો યુવકોએ *‘આજ મારે ઘેર થાય લીલા લહેર...’* કીર્તન પર નૃત્ય કરતાં હરિ-ગુરુને વધાવ્યા. સૌને દર્શનલાભ આપી સ્વામીશ્રી હવેલીમાં પધાર્યા. અહીં ગુરુહરિના સ્વાગતમાં વિશાળ અક્ષરોમાં ‘WELCOME BAPA’ લખાણ અંકિત હતું. આગમન પથને રંગોળી અને વિવિધ આકારોથી સજાવ્યો હતો. બાળકોએ આનંદપૂર્વક પુષ્પપાંદડીઓ વરસાવીને ગુરુહરિને વધાવ્યા હતા. હરિભક્તોને જેટલો ઉમંગ હતો એટલો જ પ્રેમ સ્વામીશ્રીની આંખોમાંથી વરસતો હતો. લંડન સ્થિત તમામ સંતો-હરિભક્તોને સ્નેહપૂર્વક ‘જય સ્વામિનારાયણ’ કર્યા.

વિવિધ શણગારોથી સજાવેલા મંદિરમાં પ્રથમ ‘અભિષેક મંડપમ્’માં સ્વામીશ્રીએ શ્રી નીલકંઠવર્ણીનાં ભાવથી અભિષેક-પ્રદક્ષિણા કર્યાં. ત્યારબાદ પ્રત્યેક ખંડમાં ઠાકોરજીનાં ભાવપૂર્વક દર્શન કર્યાં. *‘આવો આવો શ્રીજીસ્વામી આવો...’* ગુંજતી કીર્તનપંક્તિઓ વચ્ચે પૂજારી સંતોએ હાર પહેરાવીને સ્વામીશ્રીને સત્કાર્યા. ગુરુમંદિરોમાં ગુરુવર્યોનાં પ્રેમથી દર્શન કર્યાં. સ્વામીશ્રીના આગમન નિમિત્તે ઘણા સંતો-ભક્તોએ વિવિધ તપ-વ્રત કર્યાં હતાં, તે સૌને પારણાં કરાવ્યાં.

ઠાકોરજીનાં દર્શન બાદ સ્વામીશ્રી વિશાળ અને ભવ્ય સભામંડપમાં પધાર્યા. અહીં હકડેઠઠ ભક્તમેદની સ્વામીશ્રીનાં દર્શનની પ્રતીક્ષા કરી રહી હતી. સ્વામીશ્રીનાં દર્શન થતાં જ જયજયકાર ગુંજી ઊઠ્યા. સૌ ભક્તોના આનંદનો પાર ન રહ્યો. પહેલે જ દિવસે અહીં ગુરુહરિનાં સમીપદર્શનથી સૌ કૃતાર્થ થયા. *‘આવો પધારો રે... આવો પધારો રે હરિકૃષ્ણ મહારાજ’* સ્વાગત-કીર્તનના તાલે હરિભક્તોએ બી.એ.પી.એસ.ના ધ્વજ લહેરાવી અને પુષ્પપાંદડીઓ વરસાવી સ્વામીશ્રીને સત્કાર્યા હતા. સર્વત્ર આનંદ, ઉમંગ, ઉલ્લાસ છવાઈ ગયો.

સાડા પાંચ વર્ષના અંતરાલ બાદ લંડનની ધરાતલ પર પધારેલા સ્વામીશ્રીને સૌએ સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું! વાતાવરણમાં ભક્તિની એવી ભરતી ચઢી કે સૌએ ‘એક દો તીન ચાર, મહંત સ્વામીનો જયજયકાર!’ નાદ તાળીઓ સાથે ગુંજાવ્યો.

લંડનના ભક્તોએ અક્ષરપુરુષોત્તમ મહારાજ માટે કલામંડિત હાર રચ્યા હતા. તે સ્વામીશ્રીએ સ્વયં તેઓને પહેરાવીને તેઓનું સ્વાગત કર્યું. યોગવિવેકદાસ સ્વામી અને અન્ય સંતોએ પણ વિધવિધ સુંદર પુષ્પહાર સ્વામીશ્રીના કંઠમાં અર્પણ કરી સૌ વતી શુભાશિષ પ્રાપ્ત કર્યા. શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની આરતી બાદ સ્વામીશ્રીએ સૌ પર આશીર્વચનો વરસાવ્યાં હતાં.

સ્વામીશ્રીની સાથે આ વખતની ‘અક્ષરધામ યાત્રા’માં પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી, પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી, તપોનિષ્ઠદાસ સ્વામી, શ્રુતિપ્રિયદાસ સ્વામી, ઉત્તમ-યોગીદાસ સ્વામી, સંતચરિતદાસ સ્વામી, વિનયપ્રિયદાસ સ્વામી, બ્રહ્મવત્સલદાસ સ્વામી, બ્રહ્મનયનદાસ સ્વામી અને ત્યાગપુરુષદાસ સ્વામી જોડાયા હતા.

### ■ સ્વાગત દિન

તા. ૬-૫-૨૦૨૩ના રોજ, યુ.કે.ના આંગણે પધારેલા અક્ષરપુરુષોત્તમ મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું સ્વાગત-સન્માન કરતો ‘સ્વાગત દિન’ ઊજવાયો હતો. સ્વાગત-સભામાં બાળ-યુવાવૃંદે *‘મીઠી મીઠી ગુંજે રે શરણાઈ ઢોલ બાજે રે... શત શત હો સ્વાગતમ્’* એ નૂતન કીર્તન પર નૃત્ય કરીને અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને વધાવ્યા. સ્વાગત નૃત્યના અંતે સ્વામીશ્રી અને સૌએ અક્ષરપુરુષોત્તમ મહારાજની આરતીનો લાભ લીધો.

સ્વાગત દિનનો મધ્યવર્તી વિચાર હતોઃ *‘આજ અક્ષર અમ આંગણિએ...’* અને કાર્યક્રમનો થીમ ‘નેનપુર’ની સ્મૃતિઓનો હતો. કોરોના કાળ દરમ્યાન નેનપુર ખાતે સ્વામીશ્રીએ આપેલી સ્મૃતિઓને લંડનમાં તાદૃશ કરવામાં આવી હતી. પહેલીવાર યુ.કે.ના આંગણે પધારેલા અક્ષર-પુરુષોત્તમ મહારાજને સૌએ હારતોરાથી વધાવ્યા. નેનપુરમાં ગુણાતીતાનંદ સ્વામીનાં વધામણાંમાં સ્વામીશ્રીએ કરતાલ વગાડી હતી, તે રીતે સ્વામીશ્રી આજે હસ્તમાં કરતાલ લઈને ભજનમાં તલ્લીન થયા. આ દિવ્ય દર્શન કરતાં સૌ આનંદમાં ગરકાવ થઈ ગયા.

નેનપુરના નિવાસ દરમ્યાન સ્વામીશ્રીએ બીજી એક અણમોલ ભેટ આપી હતી. - સત્સંગદીક્ષા ગ્રંથની! તેની સ્મૃતિમાં આજે અહીં સત્સંગદીક્ષા ગ્રંથની શોભાયાત્રા યોજાઈ હતી. ત્યારબાદ લંડનનાં ચાર બાળકો, જેમણે સત્સંગદીક્ષાના સૌથી વધુ શ્લોકોનો મુખપાઠ કર્યો હતો તે બાળકો ખૂબ સારી રીતે મુખપાઠ બોલ્યા. સ્વામીશ્રીએ ચારેય બાળકોને આશીર્વાદ અર્પ્યા. સત્સંગદીક્ષાની ભેટ આપવા બદલ સંતોએ ચાદર ઓઢાડીને સ્વામીશ્રીને સન્માન્યા.

ગુરુપદે બિરાજ્યા બાદ સ્વામીશ્રીએ ત્રીજી મોટી ભેટ આપી હતીઃ નૂતન મહાપૂજા, નૂતન આરતી અને સહજાનંદ નામાવલિની. તે બદલ આભાર માનતાં મનોહરમૂર્તિદાસ સ્વામીએ સહજાનંદ નામાવલિ લખેલી ૧૦૮ પાંખડીઓનું કલાત્મક કમળ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને અર્પણ કર્યું.

સોનામાં સુગંધ ભળે તેમ આજના સ્વાગત દિને જ, યુ.કે.ના નવનિયુક્ત કિંગ ચાર્લ્સ તૃતીયનો રાજ્યાભિષેક હતો. તેને અનુલક્ષીને કાર્યક્રમ આગળ વધ્યો. બી.એ.પી.એસ. અને ચાર્લ્સ વચ્ચે છેલ્લાં ચાલીસ વર્ષથી સુમધુર સંબંધો છે. તેની પ્રસ્તુતિ ફોટો અને હરિભક્તોનાં વક્તવ્ય દ્વારા થઈ. યોગવિવેકદાસ સ્વામીએ સમગ્ર બી.એ.પી.એસ. સંસ્થા વતી કિંગ ચાર્લ્સને શુભેચ્છા ઉદ્‌બોધન કર્યું. આ પ્રસંગ માટે સ્વામીશ્રીએ અભિનંદન પાઠવતો પત્ર લખ્યો હતો. તેનું પઠન પરમતત્ત્વદાસ સ્વામીએ કર્યું. સ્વામીશ્રીનાં સ્વાગત અને નૂતન રાજાના આગમન નિમિત્તે બાળકો અને યુવકોએ શાંતિપાઠનું ગાન કર્યું. સ્વામીશ્રીએ દીપ પ્રાગટ્ય કરીને આ શુભ પ્રસંગમાં મંગલતા ઉમેરી.

રાજ્યાભિષેક નિમિત્તે રાજાશ્રીને સંબોધતાં સ્વામીશ્રીએ આશીર્વાદ અર્પ્યા. આશીર્વાદના અંતે પુનઃ ‘સ્વાગત દિન’નો કાર્યક્રમ આરંભાયો. સભા કાર્યક્રમને એક તાંતણે ગૂંથતા બે ગઢવીઓએ મંચ પરથી પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની સ્મૃતિઓ કરાવી. ત્યારબાદ સ્વામીશ્રીએ પ્રશ્નોત્તરીના રૂપમાં સૌ પર શુભાશિષ વરસાવ્યા હતા. ત્યારપછી સંતોએ સુંદર હાર પહેરાવ્યો, છડી આપી. સૌની પ્રાર્થનાને સ્વીકારતા સ્વામીશ્રીએ પ્રમુખસ્વામી મહારાજની જેમ છડી હલાવીને સ્મૃતિ-સુખ આપ્યું. આમ, સૌને પ્રથમ દિવસે જ દિવ્ય લાભ આપીને સ્વામીશ્રી નિજનિવાસે પધાર્યા.

સમગ્ર યુ.કે.-યુરોપના ભક્તોને લાભ મળે તે માટે બે દિવસ એક સરખો ‘સ્વાગત દિન’ યોજાયો હતો.

### ■ એજ્યુકેશન ડે અને પ્રાપ્તિ દિન

તા. ૮-૫-૨૦૨૩ના રોજ સવારે ‘એજ્યુકેશન ડે’ અને સાંજે કીર્તન આરાધનાના રૂપમાં ‘પ્રાપ્તિ દિન’ ઊજવાયો હતો. આજથી અઠવાડિયા બાદ અહીં પરીક્ષાઓનો પ્રારંભ થવાનો હતો, તેથી આજનો દિવસ ‘એજ્યુકેશન ડે’ રખાયો હતો. આ પ્રસંગે સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદનો લાભ લેવા માટે સેંકડો કિશોર-કિશોરીઓ ઉપસ્થિત હતાં. આજના



આશીર્વાદ પણ તેઓને અનુલક્ષીને જ હતા. સૌ પ્રથમ કિશોરોએ પરીક્ષા વખતે તેમને અનુભવાતાં ટેન્શન, મૂંઝવણો, શંકાઓ, પરિસ્થિતિઓનું વર્ણન કર્યું અને સ્વામીશ્રીનાં ચરણોમાં તેનું સમાધાન કરી આપવાની પ્રાર્થના કરી.

સ્વામીશ્રીએ ખૂબ સરસ માર્ગદર્શન આપતાં જણાવ્યું: ''તમે વાત કરી એ તદ્દન સાચી છે, એવું જ થાય છે. પણ આ વિદ્યાર્થીકાળ છે, તો ભણવું જ પડશે. માટે સારો અભ્યાસ કરી લેવો. પ્રમુખસ્વામી મહારાજ કહેતા: પુરુષાર્થ + પ્રાર્થના = સફળતા. પ્રાર્થનાથી ભગવાન હૃદયમાં વિરાજે ને કામ કરે. મહેનત તો કરવી જ પડે. આખી દુનિયામાં બધા જ મહેનત કરે છે, પરંતુ આધ્યાત્મિક બળ હોય અને સાચી દિશામાં પુરુષાર્થ હોય તો સફળતા મળે. તમે મહેનત કરી છે તો ફળ મળશે જ.

આપણે અક્ષરપુરુષોત્તમના યોદ્ધાઓ છીએ અને ભગવાન આપણી સાથે છે. એટલે નિશ્ચિત થઈ પરીક્ષા હૉલમાં જવું. પરિણામ ભગવાન ઉપર છોડી દેવું. ભગવાન જે કરશે એ સારું જ કરશે. કોઈ નબળો વિદ્યાર્થી નથી... મનમાં રાખવું 'મારે શ્રેષ્ઠ ભણવું જ છે' અને આપણે શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજને રાજી કરવા છે એવું મનમાં રાખવું. ભવિષ્યની બહુ ચિંતા ના કરવી. સારી મહેનત કરવી એ તમારી ફરજ છે, પછી ભગવાન ઉપર છોડી જ દેવાનું.

બીજી વાત છે - I can (હું કરી શકું છું.) I will (હું કરીશ.) અને I must (મારે કરવું જ પડશે.) (સ્વામીશ્રી સાથે સૌએ આ વચનો ઝીલ્યાં પણ ખરાં) આ રીતે અક્ષરપુરુષોત્તમના યોદ્ધાઓએ દૃઢતા રાખવી જોઈએ. અભ્યાસની સાથે સત્સંગ પાકો રાખજો. સત્સંગ કરશો તેમ બુદ્ધિ એકાગ્ર થશે ને તે તમને પરીક્ષામાં મદદ કરશે. બેસ્ટ ઓફ લક. તમે બધા બળમાં રહેજો. મહારાજ-સ્વામીને સંભારીને જજો. બધું સારું જ થશે.''

સંધ્યાકાળે હવેલીમાં 'પ્રાપ્તિ દિન' નિમિત્તે કીર્તન આરાધનાની રમઝટ જામી હતી. નિયત સમયે સ્વામીશ્રીએ સભામાં પધારી સૌપ્રથમ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજને આરતી-અર્ઘ્ય અર્પ્યું. કિંગ ચાર્લ્સ તૃતીયે રાજ્યાભિષેક નિમિત્તે આજના દિવસે 'બધા એકબીજાની મદદ/સેવા કરે' તેવી અપીલ કરી હતી. તેથી બી.એ.પી.એસ. સંસ્થા પણ સક્રિય રીતે વિવિધ સેવાકાર્યોમાં જોડાઈ હતી. તેનો અહેવાલ આપવામાં આવ્યો. ત્યારબાદ કીર્તન આરાધના પુનઃ આરંભાઈ. આજની કીર્તન આરાધનામાં ગુરુકીર્તનદાસ સ્વામી અને સંગીતજ્ઞવૃંદે નિષ્કુળાનંદ સ્વામીના *'આનંદ આપ્યો અતિ ઘણો રે...'* પદનું મધુર સ્વરે ગાન કર્યું. કીર્તનના શબ્દો અનુસાર સ્વાગત આદિ થયાં. કીર્તનના શબ્દે શબ્દે સૌને અલૌકિક સ્મૃતિઓ મળતી ગઈ.

સ્વામીશ્રીએ પણ *'મને પ્રગટ મળ્યા પુરુષોત્તમ આજ, આનંદ અંતર છાઈ રહ્યો...'* કીર્તન મીઠી હલકે એકદમ



સરસ રીતે ગાયું. આખી સભા તેમાં ગુલતાન બની ગઈ. ત્યારબાદ સંતોએ સ્વામીશ્રીએ ગાયેલા પદની જ એક એક કડીનું ગાન કર્યું અને સ્વામીશ્રીએ તેનો મર્મ સમજાવ્યો. વળી, પાછી કીર્તનોની રમઝટ જામી. સ્વામીશ્રી હસ્તમાં નાની કરતાલ લઈ કીર્તનના તાલ અને લયની સાથે વગાડવા લાગ્યા. સૌના પગ થનક-થનક થઈ રહ્યા. વાતાવરણમાં ભક્તિ-આનંદના મોજાં પ્રસરાવતાં કીર્તનોની રમઝટ ૮:૦૦ વાગ્યા સુધી ચાલી. હવેલીમાં અને બહાર બેઠેલા હજારો હરિભક્તોએ કીર્તન-ભક્તિનો આનંદ લૂંટ્યો હતો.

● તા. ૧૧-૫-૨૦૨૩: આજે તારીખ પ્રમાણે સ્વામીશ્રીનો દીક્ષાદિન હતો. આજથી ૬૨ વર્ષ પહેલાં, ગઢડામાં યોગીજી મહારાજે સ્વામીશ્રી સહિત ૫૧ નવયુવાનોને દીક્ષા આપી હતી. સ્વામીશ્રીએ આશીર્વાદમાં તે પ્રસંગની સ્મૃતિ કરી હતી.

## ■ ફેમિલી ડે

તા. ૧૩-૫-૨૦૨૩ના રોજ ‘ફેમિલી ડે’ ઊજવાયો હતો. જે રીતે સંતો પધરામણી કરે એ જ રીતે આખો કાર્યક્રમ રજૂ થયો હતો. બી.એ.પી.એસ. પરિવાર વતી ત્યાગવલ્લભદાસ સ્વામીએ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીનું પૂજન કર્યું. ઠાકોરજીની આરતી કરવામાં આવી. મંચ પર પરિવારના ત્રણ સભ્યો - દાદા, પુત્ર અને પૌત્રે જિજ્ઞાસા રજૂ કરી કે ‘સંતોની સાથે સ્વામીશ્રી કેવી રીતે પધરામણીમાં આવી ગયા?’ ઉત્તર હતોઃ ત્રણેયે સ્વામીબાપાને પત્રો લખ્યા હતા, તેનો ઉત્તર આપવા સ્વામીશ્રી સ્વયં આવ્યા છે. અને સ્વામીશ્રીએ તમામ પત્રોના તમામ પ્રશ્નોનો એક ઉત્તર આપ્યોઃ ‘Daily Satsang Time! ટૂંકમાં DST! સ્વામીશ્રીએ યુ.કે.-યુરોપને આ એક નવા પ્રકલ્પની ભેટ આપી હતી. જેમ રોજ પૂજા-આરતી-થાળ વગેરે થાય, તેમ તમામ સત્સંગીઓના જીવનમાં આજથી DST ઉમેરાયું હતું. તેની સમજૂતી આપવામાં આવી કે - ઘરે માતા-પિતા, દાદા-દાદી રોજ પંદર મિનિટ બાળક-બાલિકા સાથે બેસે અને સત્સંગની વાતો કરે, દૃઢાવે.’

સ્વામીશ્રીએ દર સોમવારે સત્સંગદીક્ષાનો મુખપાઠ કરવાની આજ્ઞા કરી. સ્વામીશ્રીએ સ્વયં સત્સંગદીક્ષાનો ૮૬મો શ્લોક ગુજરાતીમાં ઝિલાવીને આ અભિયાનનો શુભારંભ કર્યો. ‘મંગળવાર = બાળ પ્રકાશ’ આ દિવસે બાળપ્રકાશ વાંચવાની આજ્ઞા કરી. ‘બુધવાર = વાંચન’ અર્થાત્, આ દિવસે વચનામૃત-સ્વામીની વાતોનું વાંચન કરવાનું. ‘ગુરુવાર = ઘરસભા’ સૌને વ્યસ્તતામાં પણ ઘરસભા અવશ્ય કરવાની પ્રેરણા આપી. ‘શુક્રવાર = ગુરુભક્તિ’ અર્થાત્, આ દિવસે ગુણાતીત ગુરુઓના સંક્ષિપ્ત જીવનચરિત્રનાં પઠન અને સ્મરણ કરવાનાં. ‘શનિવાર = સ્મૃતિ’ શનિવારે વીડિયો, વેબસાઈટ વગેરે અદ્યતન સાધનોનો ઉપયોગ કરીને ગુરુહરિનાં દર્શન, આશીર્વાદનું શ્રવણ-મનન વગેરે કરવા જણાવ્યું. અત્યારે જ તેને વ્યવહારમાં મૂકતાં સન ૨૦૧૨માં પ્રમુખસ્વામી મહારાજે મહંત સ્વામી મહારાજનો હાથ પકડ્યો હતો તે અમદાવાદની સ્મૃતિ વીડિયો દ્વારા દર્શાવાઈ. તાળીઓની વર્ષા થઈ. અને ‘રવિવાર = સમરી’ રવિવારના દિવસે આ અઠવાડિક સત્સંગ સભામાં થયેલી વાતોના મુદ્દા પર ગોષ્ઠિ કરવાની સ્વામીશ્રીએ આજ્ઞા કરી હતી.

અંતમાં પુછાયું કે ‘સ્વામી! આપ તો અહીંથી વિદાય લેશો. પણ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને આપ કાયમ સાથે જ છો એવો અનુભવ થાય, તે માટે અમારે શું કરવું?’ સ્વામીશ્રીએ તત્ક્ષણ કહ્યું, ‘બસ, ડેઈલી સત્સંગ ટાઈમ! એમાં બધું આવી જાય. આટલો સમય કાઢશો તો બધું જ આવી જશે.’ આમ, યુ.કે.-યુરોપનાં તમામ પરિવારોને ‘ડેઈલી સત્સંગ ટાઈમ’ની ભેટ આપી સ્વામીશ્રીએ સત્સંગનું ભાથું બાંધી આપ્યું આપ્યું હતું.

આજે સવારે ‘મહિલા દિન’ ઊજવાયો હતો. તેનો મધ્યવર્તી વિચાર હતો ‘સગપણ તમ સાથે...’ દૂર રહીને પણ કેવી રીતે સત્પુરુષમાં જોડાણ વધારી શકાય? તેની સુંદર પ્રસ્તુતિઓ આજના કાર્યક્રમમાં થઈ હતી.

આજે સવારે સ્વામીશ્રીએ સાંકરી મંદિરનો ઈતિહાસ વર્ણવતું ‘સાંકરી - સોનાની સાંકળી’ પુસ્તક ઉદ્‌ઘાટિત કર્યું હતું.

## ■ કાર્યકર દિન

તા. ૧૪-૫-૨૦૨૩ના રોજ યુ.કે.-યુરોપની સત્સંગ પ્રવૃત્તિમાં સેવા આપતા કાર્યકરો-સ્વયંસેવકોએ ‘કાર્યકર દિન’ની ઉજવણી કરીને સ્વામીશ્રીનો રાજીપો ઝીલ્યો હતો. કાર્યકરોએ સ્વાગત-નૃત્ય અને પુષ્પાંજલિ દ્વારા અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીનાં વધામણાં કર્યાં હતાં.

હવે ‘આદર્શ કાર્યકર’ કેવો હોય? તેની વિવિધ માધ્યમોથી પ્રસ્તુતિ થઈ. તેમાં મુખ્ય ત્રણ વિભાગ હતાઃ મહિમા, સુહૃદભાવ અને કર્તાપણાની સમજણ.

આ ત્રણેય વિભાગમાં પ્રશ્નોત્તરી દ્વારા સ્વામીશ્રીનું માર્ગદર્શન લેવાયું :

**પ્રશ્નઃ** અમે સેવા વગેરે તો કરીએ છીએ, પણ અંતરથી મહિમાથી સેવા

થાય તે માટે માર્ગદર્શન આપશો.

**સ્વામીશ્રી:** 'આદર્શ સેવા ન થવાનું મૂળ કારણ સખત દેહભાવ છે. તે ગુરુમાં પણ મનુષ્યભાવ લાવી દે અને બધો ક્લેશ-કંકાસ ઊભો કરે. અંદરોઅંદર ઝઘડા થાય, માટે દેહભાવ દૂર થાય એ ઇચ્છનીય છે.'

**પ્રશ્ન:** આપ અને સદ્ગુરુ સંતો વચ્ચે જે સંપ છે, એવો સંપ અમારે પણ રાખવો છે, તો આપે કયો વિચાર રાખ્યો જેથી આવો અતૂટ સંપ થયો?

**સ્વામીશ્રી:** 'મહારાજ-સ્વામીનો મહિમા સમજીને કે 'આવા સંત મળ્યા છે ને આપણે ગરબડ સરબડ કેમ ચાલે?' અને બીજું, અમારે અંદરોઅંદર એકબીજાનો મહિમા એવી રીતે સમજાયો કે કોઈ વચ્ચે આવી જ ન શકે ને અમારો સંપ તોડાવી ન શકે.'

**પ્રશ્ન:** સ્વામી, આમ તો આપ હર્ષ અને શોકથી પર છો, પણ આપના માટે સૌથી સુખદ પળ કઈ?

**સ્વામીશ્રી:** 'જ્યારથી શ્રીજી-મહારાજની ઓળખાણ થઈ ત્યારથી (સુખદ પળો) ચાલુ છે.'

**પ્રશ્ન:** એવો કોઈ પ્રસંગ છે જેનાથી આપ ઉદાસ થાઓ?

**સ્વામીશ્રી:** 'હા, એક હરિભક્ત બીજા હરિભક્તને દબાવે, ફોર્સ કરે એમાં શ્રીજીમહારાજ પણ ઉદાસ થઈ જાય છે. તો આપણી શું વાત છે?'

**પ્રશ્ન:** આમ તો અમને ઘણા બધા સ્વભાવ નડે છે, પણ કયો સ્વભાવ સૌથી વધુ નડે છે? સૌથી વધુ વિઘ્નરૂપ છે?

**સ્વામીશ્રી:** 'અહમ્.'

**પ્રશ્ન:** એવો કયો વિચાર છે જેનાથી સુખદુ:ખનાં મોજાંમાં પણ અમારી જીવન નાવ સ્થિર રાખી શકીએ?

સ્વામીશ્રીએ સ્વહસ્તે લખેલું બોર્ડ દર્શાવ્યું. તેમાં લખ્યું હતું - 'શ્રીજીમહારાજ સર્વ કર્તાહર્તા છે. તેમની મરજી વિના એક સૂકું પાંદડું પણ હલવાને સમર્થ નથી. જે કરશે તે આપણા સારા માટે જ છે.'

પ્રશ્નોત્તરી બાદ સ્વામીશ્રીએ સૌ કાર્યકરોને સેવા-પ્રાર્થના ઝિલાવી હતી.

## ■ યોગીજી મહારાજ પ્રાકટ્ય દિન

તા. ૧૬-૫-૨૦૨૩, વૈશાખ વદ બારસ એટલે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનો ૧૩૧મો પ્રાકટ્ય દિન. આ અવસરે મંદિર પરિસરમાં ઠેર ઠેર યોગીજી મહારાજની સ્મૃતિ કરાવતી છબિઓથી સુશોભનો કર્યાં હતાં. ઠાકોરજી સમક્ષ વિવિધ કેરીઓનો કૂટ રચવામાં આવ્યો હતો. સ્વામીશ્રીએ મધ્યખંડમાં ભક્તિભાવથી આરતી ઉતારી. પ્રાતઃપૂજામાં યોગીબાપાનાં કીર્તનો મંજુલ સ્વરે ગાઈને સંતો-ભક્તોએ સૌને યોગીસ્મૃતિમાં રમમાણ કર્યા હતા. અંતે સ્વામીશ્રીએ ગુરુહરિ યોગીજી મહારાજની પ્રસંગોચિત સ્મૃતિઓ કરી હતી. યોગીજી મહારાજે ગઢડામાં કળશ મહોત્સવ પ્રસંગે ૫૧ નવયુવાનોને દીક્ષા આપી હતી, આજે તિથિ મુજબ તે દિન પણ હતો. તેથી પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીએ સ્વામીશ્રીને કમળનો સુંદર હાર પહેરાવીને વધાવ્યા.

આજની સભામાં યોગીજી મહારાજની જન્મજયંતીનો ઉત્સવ ખૂબ શાનદાર રીતે ઊજવાયો. સ્વામીશ્રી સભામાં પધાર્યા. ગુરુકીર્તનદાસ સ્વામીએ પિયાનો વગાડતાં *'મુને વહાલું જોગીડા તારું મુખડું...'* ખૂબ સુંદર હલકે ગાયું. તે સાથે સ્ક્રીન પર



યોગીજી મહારાજની વિલક્ષણ સ્મૃતિઓ પણ દર્શાવાઈ હતી.

એક સંવાદ રજૂ થયો જેમાં યોગીજી મહારાજના વ્યક્તિત્વને ઊંડાણથી જાણવા માટે એક પત્રકારે ક્રમશઃ ટેપ વગાડતાં તેમાંથી યોગીજી મહારાજનું વ્યક્તિત્વ ઉજાગર થતું ગયું હતું. પહેલી ટેપનું નામ હતુંઃ 'યોગીબાપા વિરાજ્યા છે...' જેના દ્વારા સાક્ષાત્ ગોંડલનો અનુભવ કરાવવામાં આવ્યો. બીજી ટેપ હતીઃ 'જેવા અમે નીરખ્યા...' તેમાં તમામ સદ્‌ગુરુ સંતોએ પોતાની આંખે જોયેલા યોગીબાપાનું વર્ણન કર્યું. ત્રીજી ટેપ હતીઃ 'તેઓની ક્રિયાઓ...' જેમાં ઘનશ્યામચરણદાસ સ્વામીએ યોગીબાપાની ઝીણી ઝીણી ક્રિયાઓનું સુંદર વર્ણન કર્યું. ચોથી ટેપ હતીઃ 'તેઓની વાણી...' જેનું યથાર્થ કથન ત્યાગવલ્લભદાસ સ્વામીએ કર્યું હતું. પાંચમી ટેપ હતીઃ 'તેઓનું મન...' *'યોગી તને ખમ્મા ખમ્મા!'* કીર્તન પર શેડો પ્લે દ્વારા યોગીજી મહારાજને કઈ હદે સહન કરવાનું થયું હતું, તે દર્શાવવામાં આવ્યું. આંખો ભીની થઈ જાય અને હૃદય દ્રવી જાય તેવી પ્રસ્તુતિ હતી. તેના અનુસંધાનમાં સ્વામીશ્રીએ યોગીજી મહારાજની સહનશક્તિનો પ્રસંગ વર્ણવ્યો. છઠ્ઠી ટેપ હતીઃ 'તેઓનું હૃદય...' તેની સવિસ્તર વાત ઈશ્વરચરણદાસ સ્વામીએ વીડિયોના માધ્યમથી કરી.

યોગીજી મહારાજના હૃદયમાં પ્રેમ ભરપૂર હતો. તેના પરિણામ રૂપે સન ૧૯૬૧માં ૫૧ નવયુવાનોએ દીક્ષા લીધી હતી. તે સંવાદરૂપે પ્રસ્તુત થયો. દીક્ષા લેનાર સૌ પ્રથમ હતા – સ્વયં સ્વામીશ્રી. તેની સ્મૃતિમાં તેઓને પ્રત્યક્ષપણે જનોઈ અપાઈ. ત્યાગવલ્લભદાસ સ્વામી અને આનંદસ્વરૂપદાસ સ્વામીએ હાર પહેરાવીને સ્વામીશ્રીને વધાવ્યા. યોગીજી મહારાજની મરજી પ્રમાણે સેવા કરવાથી તેઓ ખૂબ રાજી થઈને ભેટ્યા હતા, તે પ્રસંગ સ્વામીશ્રીએ વર્ણવ્યો. અને યોગીજી મહારાજના પ્રેમની વિશેષતા જણાવી કે, 'નિઃસ્વાર્થ પ્રેમ. કોઈ જાતની અપેક્ષા નહીં. હૃદયનો પ્રેમ, દિવ્ય પ્રેમ, અલૌકિક પ્રેમ અને વળતર કાંઈ ના માંગે.' આ સુખની અનુભૂતિ કરાવતા પ્રગટ યોગીરાજ સ્વામીશ્રી બે હાથ પહોળા કરીને સૌને ભેટ્યા! *'હૈયાના હેત ના ભુલાય...'* તે કીર્તન સાથે સ્વામીશ્રીએ દાંડિયા વગાડી વિશિષ્ટ સુખ આપ્યું.

યોગીજી મહારાજની આ બધી અલૌકિક વિશેષતાઓનું રહસ્ય શું હતું? તે જાણવા માટે સાતમી ટેપ વગાડવામાં આવી. જેનું નામ હતુંઃ 'તેઓનો આત્મા...' વીડિયોના માધ્યમથી વિવેકસાગરદાસ સ્વામીએ જણાવ્યું કે 'યોગીજી મહારાજનો આત્મા શાસ્ત્રીજી મહારાજ અને શ્રીજીમહારાજ હતા.' આ અંતર્ગત શાસ્ત્રીજી મહારાજની રુચિ જાણીને યોગીજી મહારાજે રાત્રે દોઢ વાગ્યે હરિભક્તો માટે ભોજન બનાવ્યું હતું તે પ્રસંગ સંવાદરૂપે રજૂ થયો. જેમાં એક વાક્ય ખૂબ સરસ હતું. 'શિષ્યને ગુરુનો પૂરો વિશ્વાસ મેળવવો એ જ સાચી ગુરુભક્તિ.' ઈષ્ટભક્તિ નિભાવતાં યોગીજી મહારાજે લંડનમાં ઈઝલિંગ્ટનમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી, તે પ્રસંગ રજૂ થયો. તે વખતે યોગીજી મહારાજે પધરાવેલી મૂર્તિઓ અહીં જ ઉપસ્થિત હતી. સ્વામીશ્રીએ તે મૂર્તિઓની આરતી ઉતારી.

કાર્યક્રમ ખૂબ જ રંગારંગ અને યોગીસ્મૃતિઓમાં ગરકાવ કરાવનારો હતો. પ્રત્યેક વિભાગમાં વિષયને અનુરૂપ નૃત્ય, સંવાદ, વીડિયો વગેરે દ્વારા પણ પ્રસ્તુતિઓ થઈ હતી. સાથે યોગીજી મહારાજ જેવી જ મુદ્રાઓ કરીને સ્વામીશ્રીએ સૌને અલભ્ય સ્મૃતિઓ આપી હતી.

યોગીજી મહારાજે અહીં થેમ્સ ગંગામાં હરિકૃષ્ણ મહારાજને સ્નાન કરાવ્યું હતું. આજે અક્ષરપુરુષોત્તમ મહારાજ એ જ ભૂમિ પર ઉપસ્થિત હતા. એટલે થેમ્સ ગંગાનું જળ અહીં લાવવામાં આવ્યું હતું. સ્વામીશ્રીએ યાંત્રિક રચના દ્વારા તે જ પુનિત જળથી અક્ષરપુરુષોત્તમ મહારાજને સ્નાન કરાવ્યું.

આઠમી ટેપ હતીઃ 'મારો વારસો'... યોગીજી મહારાજે પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના મહિમાનાં વચનો ઉચ્ચાર્યાં હોય તે વીડિયો દ્વારા દર્શાવાયાં. નવમી ટેપ રેકૉર્ડિંગ કરવા માટે હતી. તેનું નામ હતુંઃ 'પ્રગટ...'

સ્વામીશ્રીને પુછાયું કે 'યોગીજી મહારાજનું સાચું સ્વરૂપ શું હતું?' સ્વામીશ્રીએ તત્ક્ષણ ઉત્તર આપ્યોઃ 'શ્રીજીમહારાજ!' બાદ અટલાદરામાં યોગીજી મહારાજે સ્વામીશ્રીને કહ્યું હતુંઃ 'તમારા દ્વારા શ્રીજીમહારાજ પ્રગટ રહેશે.' અને અમદાવાદમાં પ્રમુખસ્વામી મહારાજ તથા સ્વામીશ્રીને કહ્યું હતુંઃ 'તમારા બન્ને દ્વારા આ સત્સંગ ચાલશે.' તે પ્રસંગો સ્વામીશ્રીએ સ્વમુખે કહ્યા. સૌના આનંદનો પાર ન રહ્યો.

હવે અંતિમ ટેપનું નામ હતુંઃ 'યોગીનો રંગ' તેના પ્રથમ સોપાન રૂપે સ્વામીશ્રીએ પોતાના અંતરની ભાવના જણાવતાં કહ્યું, 'અમારા જોગીની ઓળખાણ હવે તમે પ્રાપ્ત કરી છે, પણ

સાચી ઓળખાણ પ્રાપ્ત કરવા માટે જગતનો રંગ ન ચઢવો જોઈએ. એટલે જગતનું બધું કાઢી નાંખવાનું, પછી સાચી ઓળખાણ થાય. નિત્યે તેમના થઈને રહીએ તો તેમનું સાચું સ્વરૂપ સમજાય. તેઓનો રંગ આપણને લાગવો જોઈએ.' ત્યારપછી સ્વામીશ્રીએ સ્વહસ્તે જ ટેપ-રેકૉર્ડરમાં દશમી કેસેટ નાંખી અને પ્લે કરી. તો આજની તારીખે સન ૧૯૮૮માં, પ્રમુખસ્વામી મહારાજે *'યોગી આવો તે રંગ મને શીદ લગાડ્યો...'* ખૂબ ભાવમાં આવીને ગાયું હતું તે વાગવા લાગ્યું. તેની સમાંતર સ્વામીશ્રીએ યોગીજી મહારાજની ચિત્રમૂર્તિનું પૂજન કર્યું. અક્ષરપુરુષોત્તમ મહારાજ અને યોગીજી મહારાજને પૂરણપોળીનો થાળ ધરાવ્યો. અંતમાં સંતોએ પ્રગટ યોગીરાજ સ્વામીશ્રીને કલાત્મક હાર વડે વધાવ્યા.

કીર્તનના અંત ભાગમાં સ્વામીશ્રી યોગીજી મહારાજમાં ગુલતાન થતાં કેફ અને આનંદ સાથે કરતાલ વગાડવા લાગ્યા. ખૂબ અલૌકિક નજારો જામ્યો હતો. સ્વામીશ્રીની સદા સ્મરણીય ક્ષણો સૌએ આંખો દ્વારા હૃદયમાં ઉતારી.

યોગીજી મહારાજના આદર્શ શિષ્ય સ્વામીશ્રીએ ગુરુદેવને અંજલિ આપતાં આજે એક અદ્‌ભુત પત્ર લખ્યો હતો. તે તેઓએ સ્વયં વાંચ્યો. આમ, ખૂબ સુંદર રજૂઆતોની સાથે સાથે અનેક સ્મૃતિઓમાં સૌને ગરકાવ કરીને સ્વામીશ્રીએ પોતાના ગુરુદેવની જન્મજયંતી શાનદાર રીતે ઊજવી હતી.

● તા. ૧૭-૫-૨૦૨૩ના રોજ સ્વામીશ્રીએ ઝૂમ કૉલ દ્વારા 'અક્ષરપુરુષોત્તમના યોદ્ધા' મધ્યવર્તી વિચાર સાથે સારંગપુરમાં યોજાયેલી પંચ-દિવસીય શિબિરમાં જોડાયેલાં બાળકોને પ્રશ્નોત્તરીના માધ્યમથી માર્ગદર્શન આપ્યું હતું. દિલ્હી સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા ગત વર્ષથી 'સિદ્ધાંતસર્વસ્વમ્' નામનો કોર્સ આરંભાયો છે. આ કોર્સમાં જોડાયેલા ભારત અને ઑસ્ટ્રેલિયા ઉપરાંત અન્ય દેશોનાં બાળકો ઝૂમ કૉલમાં સંમિલિત થયાં હતાં.

## ■ વડીલ દિન

તા. ૧૮-૫-૨૦૨૩ના રોજ 'જીવનદોરી અમારી...' મધ્યવર્તી વિચાર સાથે 'વડીલ દિન' ઊજવાયો હતો. પ્રાતઃ પૂજાના અંતે સ્વામીશ્રી, ત્યાગવલ્લભદાસ સ્વામી અને આનંદસ્વરૂપદાસ સ્વામીએ દીપ પ્રાગટ્ય કરીને વડીલ દિનની શુભ શરૂઆત કરી હતી.

આજના દિનનું આયોજન વિશિષ્ટ હતું. વડીલ તરીકે અહીં બેઠા હતા તે બધાએ કિશોર/યુવકવયે સ્વામીશ્રી સાથે ઘણી ઘણી સેવાઓ કરી હતી. સ્વામીશ્રી સાથેની પ્રશ્નોત્તરી દરમ્યાન એ સેવાઓની સ્મૃતિ કરવામાં આવી હતી. આ દરમ્યાન સ્વામીશ્રીએ ઇઝલિંગ્ટન મંદિર મૂર્તિ-પ્રતિષ્ઠાની સ્મૃતિ, કલ્ચરલ ફેસ્ટિવલ ઓફ ઇન્ડિયા તથા સુવર્ણતુલા ઉત્સવની સ્મૃતિઓ કરી હતી.

અંતમાં વડીલોએ સ્વામીશ્રીને પૂછ્યું કે પાછલી ઉંમરે ભગવાન અને સત્પુરુષમાં જ મન તથા વૃત્તિ રહે, બીજે વાસના ન રહે એવું માર્ગદર્શન આપો.

સ્વામીશ્રીએ કહ્યું: 'આમેય વૃદ્ધ અવસ્થા સારી અવસ્થા નથી. બધા ટોકટોક કરે, અપમાન કરે, દીકરાઓ ગાંઠે નહીં, પણ આપણે તો અનાદિ કાળથી જ ભગવાનનો આશરો કરવાનો છે. બીજાનો નહીં. નહીં તો ટલ્લા ખાશો. ભગવાનનો જ આશરો કરવાનો, તો કેફ ને બળ રહે. અને પોતાને અક્ષરરૂપ માનીને ભગવાનની ભક્તિ કરવાની છે.'

સ્વામીશ્રીએ સુંદર માર્ગદર્શન દ્વારા વડીલોને જીવનના અંત સુધીની આધ્યાત્મિક ભંભલી ભરી દીધી.

## ■ બ્રિટિશ હિન્દુ યોગદાન દિન

તા. ૧૯-૫-૨૦૨૩ના રોજ 'બ્રિટિશ હિન્દુ કૉન્ટ્રિબ્યૂશન્સ ડે' અર્થાત્ 'બ્રિટિશ હિન્દુ યોગદાન દિન' ઊજવાયો હતો. આજની વિશિષ્ટ સભામાં સમગ્ર દેશમાંથી ૧૧૦ જેટલા ઑર્ગેનાઇઝેશન, મંદિર, કૉમ્યુનિટીનાં ૧૬૦૦ જેટલાં પુરુષ/મહિલા પ્રતિનિધિઓ ઉપસ્થિત હતાં! સભામાં સ્વામીશ્રીના આગમન બાદ પરમતત્ત્વદાસ સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. સ્વામીશ્રી સહિત સૌએ અક્ષરપુરુષોત્તમ મહારાજને અર્પેલા આરતી-અર્ઘ્ય બાદ યુવાવૃંદે *'કરીએ સ્વાગતમ્... કરીએ સ્વાગતમ્...'* કીર્તન પર સ્વાગત-નૃત્ય દ્વારા સૌને આવકાર્યા હતા. અહીં ઉપસ્થિત તમામ સંસ્થાઓ ખૂબ સારાં કાર્યો/પ્રવૃત્તિ કરી રહી છે, તેની દૃશ્યાવલીઓ વીડિયો દ્વારા દર્શાવાઈ. ત્યારબાદ મહાનુભાવો શ્રી અમીશજી ત્રિપાઠી (યુ.કે. ખાતેના ભારતીય હાઈ કમિશનમાં કલ્ચર અને એજ્યુકેશન મિનિસ્ટર), શ્રી લોર્ડ જિતેશ ગઢિયા અને શ્રી વિક્રમ દોરાઈસ્વામી(યુ.કે. ખાતેના ભારતીય રાજદૂત)એ પોતાની લાગણીઓ પ્રસ્તુત કરી હતી.

ત્યારબાદ ભદ્રેશદાસ સ્વામીએ આજની સભાના સંદર્ભમાં કહ્યું, 'પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સંકલ્પની આજની સભા છે. ગયા

વરસે સ્વામીશ્રીએ આ સભા માટે સંકલ્પ કર્યો હતો. સ્વામીશ્રીની અનુમતિથી આ સભાને 'ભારત દરબાર!' નામાભિધાન અપાયું છે. સૌએ તાળીનાદથી આ નામને વધાવ્યું. અને સ્ટેન્ડિંગ ઓવેશનથી સ્વામીશ્રીને સન્માન આપ્યું.

અંતમાં સ્વામીશ્રીએ આશીર્વચનમાં જણાવ્યુંઃ ''આજના 'સેલિબ્રેટિંગ બ્રિટિશ હિન્દુ કૉન્ટ્રિબ્યૂશન્સ' કાર્યક્રમમાં તમારાં બધાંનાં દર્શન કરીને ખૂબ આનંદ અને સંતોષ થાય છે. આપણા હિન્દુ સનાતન ધર્મનો મુખ્ય હેતુ છે - આંતરિક શાંતિ. બીજું બધું તો હોય કે ના હોય પણ આંતરિક શાંતિ એટલે ભગવાન પાસે પહોંચવાની વાત છે.

બીજું ખાસ, સંપની જરૂર છે. સંપનું સર્કલ વધારવાનું છે. પ્રમુખસ્વામી મહારાજ હંમેશાં કહેતાઃ 'બીજાના ભલામાં આપણું ભલું', 'બીજાના સુખમાં આપણું સુખ', બીજાના ઉત્કર્ષમાં આપણો ઉત્કર્ષ.' તેઓ આખી જિંદગી આ પ્રમાણે જીવ્યા છે. એમને કોઈ પારકો-પરાયો હતો જ નહીં, બધા જ પોતાના. તેઓ બધાના પ્રેમના અધિકારી હતા. બધે પ્રેમ પ્રેમ અને જીવનમાં આનંદ આનંદ.

આ પ્રમાણે જીવીએ તો દુનિયામાં ક્લેશ હોય જ નહીં, આનંદ આનંદ રહે. પ્રમુખસ્વામી મહારાજ જ્યાં જાય ત્યાં બધાને એક કરે. એ એમને ગમે. એમનું દૃષ્ટાંત જોઈને અમે પણ બધા એ માર્ગે ચાલીએ છીએ. અમારી સાધના જ આ કે 'કોઈને ક્લેશ થાય નહીં, આપણે સારી રીતે જીવીએ અને બીજાને સુખી કરીએ.' આપણે ભલે થોડું ઘસાવું પડે, પણ બીજાને દુઃખ-ક્લેશ ન થાય એ રીતે બધાએ જીવન બનાવવું અને આવી રીતે ભજન-ભક્તિથી આનંદ કરવો.''

## ■ બ્રહ્માનંદ દિન

તા. ૨૦-૫-૨૦૨૩, આજનો સમગ્ર દિન 'બ્રહ્માનંદ' મધ્યવર્તી વિચાર સાથે ઊજવાયો હતો. સ્વામીશ્રીની પ્રાતઃ પૂજાથી લઈને સંધ્યા સભામાં બ્રહ્માનંદ રેલાવતાં અદ્‌ભુત કાર્યક્રમોની પ્રસ્તુતિઓ માણી સૌ ધન્ય થયા હતા.

સંધ્યા સમયે ધૂન-પ્રાર્થના ગાનથી આરંભાયેલી 'યુવા-યુવતી દિન'ની સભામાં 'બ્રહ્માનંદ' સંવાદ રજૂ થયો હતો. મંચનું દૃશ્ય સંગરામ ભક્તના કૂબાનું હતું. સ્વામિનારાયણ ભગવાન સાથે મહંત સ્વામી મહારાજને પોતાના કૂબામાં પધારેલા જોઈને સગરામે *'મારા કૂબામાં હાથી પેઠો મારા ભઈ...'* કીર્તન પર ભક્તિસભર નૃત્ય કર્યું હતું.

સંવાદ બાદ સમગ્ર રજૂઆત ત્રણ વિભાગમાં પ્રસ્તુત થઈ હતીઃ માનસિક ભીડામાં સ્વામીશ્રીએ દાખવેલ બ્રહ્માનંદ, શારીરિક ભીડામાં સ્વામીશ્રીએ રાખેલો બ્રહ્માનંદ અને આંતરિક દોષો-સ્વભાવો આપણને નડે ત્યારે કેવી રીતે બ્રહ્માનંદ રાખવો? તે સ્વામીશ્રી પાસેથી શીખવા મળ્યું. પ્રત્યેક વિભાગની સાથે એક ઇંગ્લિશ કાવ્યમય રજૂઆત થતી હતી. રજૂકર્તા શ્રોતાવર્ગમાંથી જ બોલતા હતા. પ્રત્યેક વિભાગમાં પૂર્વભૂમિકારૂપે લઘુસંવાદોની પ્રસ્તુતિઓ પણ થઈ હતી.

ઉપરોક્ત ત્રણેય વિષયોને કેન્દ્રમાં રાખીને સ્વામીશ્રીના વિવિધ પ્રસંગો રજૂ થયા હતા. જેમાં, માનસિક અને શારીરિક ભીડામાં સ્વામીશ્રીએ ગુરુવર્યોની આજ્ઞા સારધાર પાળીને, ગુરુવર્યોના ગમતામાં રહીને કેળવેલો બ્રહ્માનંદનો ગુણ દૃશ્યમાન થયો હતો.

સભાના અંત ભાગમાં, *'આજ આનંદ મારા ઉરમાં...'* કીર્તનની સાથે ત્રણ યુવકોએ સૌના અંતરની પ્રાર્થનાઓ રજૂ કરી. અંતે *'આજ મળી મોટી વાત...'* કીર્તન પર યુવકોએ પ્રાપ્તિના કેફથી છલકતા હૈયે નૃત્ય કર્યું હતું.

## ■ સંયુક્ત મંડળ દિન

તા. ૨૧-૫-૨૦૨૩ના રોજ 'સંયુક્ત મંડળ દિન' ઊજવાયો હતો. આજે તારીખ પ્રમાણે ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનો 'પ્રમુખવરણી દિન' પણ હતો. સમગ્ર યુ.કે.





મહિલામંડળે રચેલા કલાત્મક હાર અને ચાદર સંતોએ પ્રમુખસ્વામી મહારાજના પ્રગટ સ્વરૂપ સ્વામીશ્રીને અર્પણ કરી આશિષ લીધા.

આજની સભા 'કેવાં મોટાં ભાગ્ય!' મધ્યવર્તી વિચાર સાથે યોજાઈ હતી. સભામાં અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીના આગમનને સંયુક્ત મંડળના મોટી ઉંમરના હરિભક્તોએ *'સપનું છે કે શું?...'* કીર્તન પર સુંદર નૃત્ય કરી વધાવ્યા હતા.

આજે સભામાં સ્વામીશ્રીનાં દર્શન-મુલાકાતે લંડનના મેયર શ્રી સાદીક ખાન આવ્યા હતા. આરતી બાદ મેયરશ્રીએ તેમની હૃદયની ભાવનાઓ જણાવીઃ 'હું અહીં આપને વંદન કરવા અને આભાર માનવા પણ આવ્યો છું, કારણ કે આ બી.એ.પી.એસ. પરિવાર હિન્દુઓ અને બધા જ માટે ખૂબ સારું કાર્ય કરે છે... હું મારા માટે પણ આવું છું, કારણ કે મને આ મંદિરના આશીર્વાદથી ફાયદો થયો છે. કોરોનાના કપરાકાળમાં આ મંદિરે ખૂબ સહાય કરી - ડૉક્ટરો દ્વારા, વૅક્સિનેશન દ્વારા, લોકોને ભેગા રાખ્યા... આ બધું કાર્ય ખૂબ પ્રેરક છે. એટલે અહીં આવવું મારી ફરજ છે.''

હવે સભાનો મુખ્ય કાર્યક્રમ એક સંવાદ રૂપે રજૂ થયો. સંવાદના મુખ્ય પાત્ર તરીકે એક હરિભક્તના જીવનના એક પછી એક પડાવો રજૂ થતા ગયા. તેમાં પ્રાપ્તિનાં સુખ-આનંદનો અનુભવ કરાવતા દાદાખાચર અને નિષ્ઠાની ખુમારી દર્શાવતા આશાભાઈના પ્રસંગો પણ રજૂ થયા. સ્વામીશ્રીએ પણ સંવાદમાં ભળતા આ ભક્તરાજને ભગવાન સ્વામિનારાયણ, સત્પુરુષ અને સત્સંગની પ્રાપ્તિનો અનેરો મહિમા સમજાવ્યો. અંતે આ



હરિભક્તને ખરેખરી અંતર્દૃષ્ટિ થઈ. તેમણે અને સૌએ *'મહાબળવંત માયા તમારી...'* ગાઈને ફગવા માંગ્યા. સ્વામીશ્રીએ ધજા ફરકાવી સાચી માગણી બદલ રાજીપો વ્યક્ત કર્યો.

અંતે, આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યુંઃ ''આપણે સંવાદમાં આશાભાઈનો પ્રસંગ જોયો. તે તો કેફમાં હતા કે 'શાસ્ત્રીજી મહારાજે મને આજ્ઞા કરી, જેટલું માગે એ બધું ધરી દેવું છે.' સ્વભાવને લીધે બધા જેવા તેવા દેખાય, પણ જે નિષ્ઠા અને ગુરુભક્તિ હતી એમાં એ બધા ખાટી ગયા અને છતી દેહે અક્ષરધામ પામી ગયા. માટે નિષ્ઠા પાકી જોઈએ. એમાં ડગવું નહીં. નિષ્ઠા આત્માનો મામલો છે. માટે નિષ્ઠા દૃઢ, પાકે પાયે કરવી.''

## ■ પ્રમુખવરણી દિન

તા. ૨૩-૫-૨૦૨૩, જેઠ સુદ ચોથ. આજે તિથિ પ્રમાણે ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનો ૭૩મો 'પ્રમુખવરણી દિન' હતો. આ પ્રસંગે ગુરુપરંપરા સમક્ષ અન્નકૂટ રચવામાં આવ્યો હતો. પ્રમુખસ્વામી મહારાજને ફૂલોની સુંદર ચાદર ઓઢાડવામાં આવી હતી. મંદિરના ખંડોમાં અમદાવાદના આંબલીવાળી પોળનાં વિવિધ દૃશ્યો શોભાયમાન હતાં. તે તમામનાં દર્શન કરતાં સ્વામીશ્રીએ મધ્યખંડમાં આરતી ઉતારી.

સ્વામીશ્રીની પ્રાતઃ પૂજાનું મંચ પણ આજના પ્રસંગને અનુરૂપ શોભાયમાન હતું. પ્રમુખસ્વામી મહારાજના ગુણલા સાંભળતાં સ્વામીશ્રીએ નિત્યપૂજા કરી. ત્યારબાદ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવમાં લંડનનાં યુવા-યુવતીઓએ રચેલા બબલ પેઈન્ટિંગને ગિનિશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ દ્વારા 'ધ લાર્જેસ્ટ બબલ રેપ પેઈન્ટિંગ' એવોર્ડ આપ્યો હતો. અને આ ચિત્રની શરૂઆત સ્વયં સ્વામીશ્રીએ સુરતમાં કરી હતી, તેથી તેઓને પણ ખાસ સર્ટિફિકેટ એનાયત થયું હતું! આ બંને સર્ટિફિકેટ સંતોએ અક્ષરપુરુષોત્તમ મહારાજનાં ચરણે ધરી સ્વામીશ્રીને અર્પણ કર્યાં.

પ્રમુખસ્વામી મહારાજ પર મુકુંદચરણદાસ સ્વામીએ લખેલા નૂતન અંગ્રેજી પુસ્તક 'Five Ascetical Vows of Pramukh Swami Maharaj'નું સ્વામીશ્રીએ વિમોચન કર્યું.

આજે મહિલામંડળ દ્વારા હવેલીમાં

જ ૧૫૦૦થી વધુ વાનગીઓનો અન્નકૂટ બનાવવાનું આયોજન હતું. તેનો શુભારંભ કરતાં સ્વામીશ્રીએ શીરાનો પ્રસાદ બનાવી વિશેષ સ્મૃતિ આપી હતી.

### ■ કોમ્યુનિટી ડે

તા. ૨૪-૫-૨૦૨૩ના રોજ 'કૉમ્યુનિટી ડે' ઊજવાયો હતો. આજે પેરિસના બઝી-સેન્ટ-જોર્જિસ (Bussy –Saint–Georges) વિસ્તારના મેયર શ્રી યાન ડુબોસ્ક (Yann Dubosc) સ્વામીશ્રીની દર્શન-મુલાકાતે આવ્યા હતા. મેયરશ્રીના વિસ્તારમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર નિર્માણાધીન છે. આ મંદિરના ભૂમિસંપાદનમાં મેયરશ્રીનો મહત્ત્વનો ફાળો છે. સ્વામીશ્રી વતી યોગવિવેકદાસ સ્વામીએ હાર પહેરાવીને તેમને આવકાર્યા. સ્વામીશ્રીએ આશીર્વાદ અર્પ્યા. મેયરશ્રી પોતાની ભાવનાઓ જણાવતાં કહેઃ 'આપનો આભાર કે આપે મંદિર માટે આ વિસ્તાર પસંદ કર્યો. માટે હું ખૂબ ખુશ છું. મારા માટે ગર્વની વાત છે કે મંદિર થશે પછી ત્યાંથી હિન્દુ ધર્મનું જ્ઞાન આખા ફ્રાન્સમાં પ્રસરશે.'

આજની સભાનું શીર્ષક હતુંઃ સેલિબ્રેટિંગ કમ્યુનિટીઃ ફેઈથ, સર્વિસ એન્ડ ગ્લોબલ હાર્મની (Celebrating Community: Faith, Service & Global Harmony). આ સભાનો લાભ લેવા માટે હિન્દુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ વગેરે ધર્મના પ્રતિનિધિઓ ઉપસ્થિત હતા. કેન્દ્રવર્તી વિચાર સાથે ખૂબ સુંદર રજૂઆતો અને પ્રવચનો થયાં હતાં. સભામાં ઉપસ્થિત મહાનુભાવો શ્રી યાન ડુબોસ્ક (મેયરશ્રી, બુઝી-સેન્ટ-જોર્જિસ વિસ્તાર, પેરિસ, ફ્રાન્સ), શ્રી ડિકન જોન ડાલડીન (ડિરેક્ટર ઓફ ઈન્ટર ફેઈથ, વેસ્ટ મિન્સ્ટર ચર્ચ), શ્રી ડેવિડ ગોલ્ડ (ડિરેક્ટર ઓફ એક્સ્ટર્નલ અફેર્સ એન્ડ પૉલિસી, રોયલ મેઈલ) અને શ્રી એન્ડ્રુ ડેવિડસન (આર્ટિસ્ટ ઓફ કોરોનેશન સ્ટેમ્પ્સ) વગેરે મહાનુભાવોએ ભાવોર્મિઓ વહાવી હતી.

કિંગ ચાર્લ્સ તૃતીયના રાજ્યાભિષેક પ્રસંગે રોયલ મેઈલ કોર્પોરેશન દ્વારા ચાર સ્ટેમ્પ્સ પ્રકાશિત કરવામાં આવ્યા હતા. તે પૈકીના એક સ્ટેમ્પમાં નિસડન ખાતેના બી.એ.પી.એસ. સ્વામિ-નારાયણ મંદિરને સ્થાન અપાયું હતું. આજે અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને તે સ્ટેમ્પ અર્પણ થયો.

અંતમાં સ્વામીશ્રીએ આશીર્વાદમાં જણાવ્યું, ''તમારાં બધાંનાં દર્શન અહીં એક સાથે થાય છે, એથી મને ખૂબ આનંદ થાય છે. અમારા ગુરુ યોગીજી મહારાજ કહેતા કે, 'ભગવાન સૌનું ભલું કરો.' અને પ્રમુખસ્વામી મહારાજ પણ કહેતા કે, 'બીજાના ભલામાં આપણું ભલું.' બધાનું સારું થાય. આવી ભાવના હશે તો સુખ-શાંતિ રહેશે. બધાને સુખી થવું છે, પણ સાચું સુખ અને શાંતિ ભગવાન પાસે છે. માટે ભગવાનમાં શ્રદ્ધા અને વિશ્વાસ રાખીશું તો અંતરમાં શાંતિ થશે. અને બીજું, ખાસ સંપની જરૂર છે. Unity is God's Power. બીજા પાસે સંપની અપેક્ષા ન રાખવી, પણ હંમેશાં એવું વિચારવું કે, મારે જ સંપ રાખવો છે અને હું શું કરું તો સંપ વધે. આવી સંપની ભાવના હોય તો આપણા અંતરમાં, આપણા ઘરમાં, આપણા સમાજમાં અને આખા વિશ્વમાં શાંતિ શાંતિ શાંતિ થઈ જાય. તો આ વૈશ્વિક શાંતિની શરૂઆત આપણાથી કરીએ. સાથે સાથે, તમે બધા અહીં પધાર્યા છો,



બધા તને-મને-ધને સુખી થાય, બધાનું સ્વાસ્થ્ય સારું રહે અને આપના દ્વારા દેશની અને ધર્મની સારી સેવા થાય, તે જ ભગવાનનાં ચરણોમાં પ્રાર્થના.''

## ■ કિશોર-કિશોરી દિન

તા. ૨૭-૫-૨૦૨૩ના રોજ 'કિશોર-કિશોરી દિન' ઊજવાયો હતો. સ્વામીશ્રીની પ્રાતઃ પૂજાથી જ આજના દિનનો આરંભ થઈ ચૂક્યો હતો. સમગ્ર પૂજા દરમ્યાન કિશોરોએ સુંદર પ્રસ્તુતિઓ કરી હતી. પૂજા બાદ સ્વામીશ્રીએ આઈપેડ પર ક્લિક કરીને KST (કિશોર સેવક ટ્રેનિંગ)નું વિમોચન કર્યું. તેના સંદર્ભમાં જણાવ્યું, ''બીજી ટ્રેનિંગ એક્સ્ટર્નલ (બાહ્ય) એટલે કે ફિઝિકલ (શારીરિક) વિકાસ કરશે પણ આ ટ્રેનિંગ ઇન્ટર્નલ (આંતરિક) વિકાસ કરશે, સ્પિરિચ્યુલ (આધ્યાત્મિક) વિકાસ કરશે. આ વિકાસ ખૂબ મહત્ત્વનો છે, તે ભગવાન સાથે સંબંધ કરાવે છે. આ સહજાનંદી ટ્રેનિંગ છે. આ ટ્રેનિંગ તમને શ્રીજીમહારાજ સુધી પહોંચાડશે. એટલે આનાથી મોટી ટ્રેનિંગ કોઈ છે જ નહીં. તમે આદર્શ કિશોરો-કાર્યકરો થશો અને સત્સંગનો ખૂબ વિકાસ થશે. અને જે તમારા સંબંધમાં આવશે તે પણ આદર્શ થશે.''



આજે સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયેલા 'કિશોર-કિશોરી દિન'ની સભાનો લાભ લેવા માટે ૧,૦૦૦ વધુ કિશોર-કિશોરીઓ ઉપસ્થિત હતાં. આ સભાનો કાર્યક્રમ 'પેનલ ડિસ્કશન' રૂપે પ્રસ્તુત થયો હતો. માધ્યમો અનેક હતાં, રજૂઆત પણ વૈવિધ્યસભર હતી. સૌપ્રથમ સ્વામીશ્રી સાથે ટૂંકી પ્રશ્નોત્તરી થઈ. તેમાં સ્વામીશ્રીએ સુંદર માર્ગદર્શન આપ્યું. ત્યારબાદ કિશોર અવસ્થાની મનઃસ્થિતિ દર્શાવતો એક સંવાદ રજૂ થયો. જેમાં કિશોર અવસ્થાના મોહમાં ખેંચાયેલા એક યુવકને સ્વામીશ્રીએ બહાર કાઢ્યો તેની સુંદર પ્રસ્તુતિ થઈ. આવી જ મૂંઝવણો અનુભવતા કિશોરોએ પ્રશ્નોત્તરીના માધ્યમથી પુનઃ સ્વામીશ્રીનું માર્ગદર્શન મેળવ્યું. આ યુવકની જેમ જ દરેકના અંતરમાં નાની-મોટી કાંઈક ચૂક થયાનો ડંખ હતો. તેથી તમામ કિશોર-કિશોરીઓએ મનની વાત નિષ્કપટ પત્રોમાં લખીને મોકલી હતી. સ્વામીશ્રીએ પ્રેમથી તે પત્રોને સ્પર્શીને તમામની ભૂલો માફ કરી. એટલું જ નહીં, બધા પત્રો પાણીમાં નાંખ્યા અને તેના પ્રાયશ્ચિત્ત રૂપે કિશોરોને છ દિવસમાં ત્રણસો માળાજાપ કરવા જણાવ્યું. સહુને સ્વામીશ્રીનો સાથ હંમેશા અનુભવાય, બળ મળતું રહે તે માટે સ્વામીશ્રીએ બધાના ફોન પર એક મેસેજ મોકલ્યો કે, 'બહાદુર બનો, મજબૂત બનો, તમે કોણ છો? તેના માટે ગૌરવ અનુભવો. તમે ભગવાન અને સત્પુરુષના છો. તે તમારી ઓળખાણ છે. આપણે હંમેશા સાથે રહીશું. આ અનુભૂતિ ને યાદ રાખજો.' સહુએ ઉપકારવશ થઈ સ્વામીશ્રી કહે તેમ કરવાની કટિબદ્ધતા દર્શાવી. તેને અનુરૂપ *'તું દિન કહે તો દિન...'* કીર્તન ગુંજી ઊઠ્યું.

કિશોરો દ્વારા પુછાયેલા પ્રશ્નોના ઉત્તરરૂપે સ્વામીશ્રીએ જણાવ્યું, ''જગતનો પ્રેમ નર્યા સ્વાર્થથી ભરેલો છે અને સત્પુરુષનો પ્રેમ નિઃસ્વાર્થ ભાવથી ભરેલો છે. માટે સત્સંગ કરવો અને આજ્ઞા પાળવી. આજ્ઞા પાળવાથી તમે ભગવાન બાજુ જશો. અને નહીં



પાળો તો નાશવંત તુચ્છ, ખરાબ વસ્તુમાં પડશો.'' ત્યારપછી સ્વામીશ્રીએ તમામ કિશોર-કિશોરીઓને 'નિયમિત પૂજા કરવા, નિયમિત અઠવાડિક સભા ભરવા અને સોશિયલ મીડિયાથી સાવધાન રહેવા' આજ્ઞા કરી હતી.

અંતમાં સ્વામીશ્રીએ બધાના જીવમાં સત્સંગ દૃઢ થાય અને બધાને સત્પુરુષમાં દૃઢ પ્રીતિ થાય તે માટે આશીર્વચનમાં જણાવ્યું: ''ભગવાન અને સત્પુરુષમાં સંપૂર્ણ વિશ્વાસ રાખવો. તેઓમાં દૃઢ પ્રીતિ કરવી. આપણા માટે જે બેસ્ટ છે તે તેઓ ઇચ્છે છે. બધાં કિશોર-કિશોરીઓને એક નમ્ર વિનંતી છે - ગમે તે થાય પણ સત્સંગને મુખ્ય રાખજો, પ્રધાન રાખજો. ક્યારેય સત્સંગને છોડતા નહીં, દૃઢ કરીને રાખજો. કેમ કે એ મોટા મોટા રાજા-મહારાજાઓને દુર્લભ છે. આ સત્સંગને સામાન્ય ન સમજતા. તમારા મિત્રો તમને ભૂલી જાય, પણ સત્પુરુષ હંમેશા યાદ કરતા રહે છે. તો આ પરમેનન્ટ વસ્તુ રાખજો. બધી ચોઇસ કરતાં સત્સંગ મુખ્ય રાખજો. ભગવાન અને સત્પુરુષનો નાતો દૃઢ રાખજો. તેઓ હંમેશા તમારી સંભાળ રાખવા તૈયાર છે.''

આશીર્વાદની સમાપ્તિ બાદ રાસનાં કીર્તનોની રમઝટ વચ્ચે બધા કિશોરો બે-બેની લાઇનમાં રાસ લેતા ઉપમંચ નીચેથી સ્વામીશ્રીનાં દર્શન કરતાં પસાર થયા. સ્વામીશ્રીએ પણ કરમાં દાંડિયા ગ્રહી કીર્તનોના તાલે સૌને અલૌકિક દર્શનસુખ આપ્યું હતું.

### ■ શિશુ દિન

તા. ૨૮-૫-૨૦૨૩ના રોજ 'શિશુ દિન' નિમિત્તે મંદિરમાં સર્વત્ર શિશુઓનું સામ્રાજ્ય છવાયું હતું. મંદિર પરિસરનું સુશોભન પણ આજના દિનને અનુરૂપ હતું. સ્વામીશ્રીની પ્રાતઃ પૂજામાં શિશુઓએ કાલીઘેલી ભાષામાં પ્રાર્થના-શ્લોક અને કીર્તનોનું ગાન કરીને સ્વામીશ્રીની કૃપાદૃષ્ટિ ઝીલી હતી. અંતે સ્વામીશ્રીએ આશીર્વાદ વરસાવ્યા હતા. આજે સ્વામીશ્રીએ શિશુઓ માટે તૈયાર થયેલાં અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં છ અંગ્રેજી પુસ્તકોનું વિમોચન કર્યું હતું. આજે સમૂહ વેવિશાળવિધિ અને સમૂહ જનોઈવિધિ પણ થયા હતા, તેની સામગ્રી સ્વામીશ્રીએ પ્રાસાદિક કરી હતી.

વિશેષમાં આજે ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકતંત્રના નવનિર્મિત મંદિર - નવા સંસદભવનનું લોકાર્પણ કર્યું હતું તે નિમિત્તે સ્વામીશ્રીએ શુભેચ્છા-આશિષ પત્ર પાઠવ્યો હતો.

આજે યોજાયેલા 'શિશુ દિન'ની સભામાં સેંકડો શિશુઓ સ્વામીશ્રીનું સાંનિધ્ય પામવા સઉપસ્થિત હતાં. આજની સભાના કાર્યક્રમનો મધ્યવર્તી વિચાર હતો - 'Swami Bapa My Best Friend!' બધાં જ શિશુઓએ *'મારા સ્વામીની થાયે વાહ વાહ!'* કીર્તન પર બેઠાં-બેઠાં નૃત્ય કરીને અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને વધાવ્યા. કેટલાંક શિશુઓ પ્રતિનિધિ તરીકે ઉપમંચ પર આવ્યા ને તેમના માટે થતી ફરિયાદો સ્વામીશ્રીને જણાવી ત્યારે સ્વામીશ્રીએ કહ્યું કે 'હું તો તમને બધાને બાળમુક્તો જોઉં છું.' 'સ્વામીશ્રી કહે તેમ કરે, સ્વામીશ્રીને ગમે તે કરે તે મુક્ત.' તે વાક્યને ચરિતાર્થ કરવા માટે સ્વામીશ્રીએ શિશુઓને 'મ્યુઝિકલ સ્ટેચ્યૂ' રમત રમાડી. શિશુઓને તો ખૂબ મજા પડી.



હવે સ્વામીશ્રી સાથે પ્રશ્નોત્તરી આરંભાઈ. સ્વામીશ્રીના હાથ પર હાથીના મુખનું મોહરું પહેરાવવામાં આવ્યું. શિશુઓ તે હાથીને પ્રશ્ન પૂછે ને તે હાથી જ જવાબ આપતો હતો, તે રીતે સુંદર પ્રશ્નોત્તરી થઈ હતી. ત્યારપછી ભૂલકાંઓએ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રી માટે લાવેલી વિવિધ ભેટો અર્પણ કરી. આ ભેટમાં આરતી પણ હતી, તેથી સૌએ અક્ષરપુરુષોત્તમ મહારાજની આરતીનો લાભ લીધો. આરતી બાદ સ્વામીશ્રીએ 'સિંહના પંજાની શરણે' વાર્તા અંગ્રેજીમાં કહી. વાર્તામાં સ્વામીશ્રી જે જે પ્રાણીઓનાં નામ લેતા જાય તે તે પપેટ શોની જેમ દર્શાવાતા જતાં હતાં. અર્થાત્ વાર્તા જીવંત દૃશ્યો સાથે રજૂ થતાં શિશુઓને ખૂબ આનંદ આવ્યો હતો. વાર્તાના અંતે સાર કહેતાં સ્વામીશ્રીએ કહ્યું, 'આપણે મહારાજ-સ્વામીના શરણે રહીશું તો તેઓ હંમેશા આપણી રક્ષા કરશે.' સ્વામીશ્રીએ તમામ શિશુઓ માટે તેઓની મનપસંદ વાનગી - ચોકોક્રંચ (ચોકલેટ) બનાવી હતી.

અંતે શિશુઓએ વિવિધ પ્રાર્થનાઓ અને આભારવિધિ કર્યો. સ્વામીશ્રીએ રાજી થઈને સૌને ભેટવાનું સુખ આપ્યું! આમ શિશુઓની સાથે સાથે સ્વામીશ્રીએ સૌને ખૂબ-ખૂબ સ્મૃતિઓ અને દર્શનસુખ આપ્યાં હતાં.

## ■ ઇન્ટરનેશનલ સ્ટુડન્ટ ડે

તા. ૨૯-૫-૨૦૨૩ના રોજ 'ઇન્ટરનેશનલ સ્ટુડન્ટ ડે' ઊજવાયો હતો. મંદિરની શોભા પણ આજના દિનને અનુરૂપ જ કરાઈ હતી. પ્રાતઃ પૂજામાં વિવિધ પ્રસ્તુતિઓ સ્ટુડન્ટસ દ્વારા થઈ હતી. પૂજા બાદ સ્વામીશ્રીએ બાળકો અને નવા મુમુક્ષુઓને સમૂહ વર્તમાનવિધિ કરાવ્યો અને અક્ષરમ્ અહં પુરુષોત્તમ દાસોસ્મિ અને ધન્યોસ્મિ પૂર્ણકામોસ્મિ શ્લોક ઝિલાવી ભગવાન સ્વામિનારાયણના આશ્રિત કર્યા.

સ્વામીશ્રી આજની 'ઇન્ટરનેશનલ સ્ટુડન્ટ ડે' સભામાં પધાર્યા ત્યારે તેઓનું ઉષ્માભર્યું સ્વાગત કરતાં ૧૭૦૦થી વધુ સ્ટુડન્ટ્સ બી.એ.પી.એસ.ની ધજા ફરકાવી, ઢોલનાદ અને શંખનાદ ગુંજાવવા લાગ્યા. આરતી-અર્ઘ્ય બાદ યુવકોના જીવનમાં બનતી ઘટનાઓના આધારે એક યુવકની દાસ્તાન વર્ણવતો સંવાદ પ્રસ્તુત થયો. જેમાં આજના ભયંકર વાતાવરણમાં દુર્ગુણોને લીધે વેડફાઈ જતી યુવાનીની વાત હતી, અભ્યાસમાં થતા અધઃપતનની વાત હતી. આ સંવાદને સંલગ્ન સ્વામીશ્રીની સ્મૃતિઓ મળે, સૌને પ્રેરણા-ઉપદેશ મળે તેવી વિવિધ ઍક્ટિવિટીઝ પણ રજૂ થઈ હતી. ટૂંકી પ્રશ્નોત્તરી દરમ્યાન સ્વામીશ્રીએ માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ સૌ વતી યોગીકીર્તનદાસ સ્વામીએ કરેલી પ્રાર્થનાને સ્વીકારતાં સ્વામીશ્રીએ અક્ષરધામના પાસપોર્ટ પર સિક્કો મારીને સહી કરી આપી. સાથે સાથે આ બધા જ વિદ્યાર્થીઓ સારામાં સારી પ્રગતિ કરી શકે તેવા આશીર્વાદ આપ્યા ત્યારે સૌના આનંદનો પાર રહ્યો નહોતો.

● તા. ૧-૬-૨૦૨૩ના રોજ સ્વામીશ્રીનાં દર્શન-મુલાકાતે ભારતના પ્રખ્યાત અભિનેતા શ્રી અક્ષયકુમાર આવ્યા હતા. સંતોએ તેમનું અભિવાદન કર્યું હતું. સ્વામીશ્રી સાથેના વાર્તાલાપથી તેઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા.

● તા. ૨-૬-૨૦૨૩ના દિવસે ભારતમાં ઉડીસામાં ભયંકર ટ્રેન અકસ્માત થયો હતો. તેની વિગત જાણી સ્વામીશ્રીએ કેન્દ્રીય રેલવેમંત્રી શ્રી અશ્વિનીકુમાર વૈષ્ણવને સાંત્વના આપતાં કહ્યુંઃ 'જય સ્વામિનારાયણ. અમને સમાચાર મળ્યા કે ઉડીસામાં ટ્રેન અકસ્માત થયો છે. આ સમાચાર સાંભળીને ખૂબ દુઃખ થયું છે. આ દુઃખદ ઘટના માટે અમે ભગવાન સ્વામિનારાયણનાં ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ. અમારાં બધાં મંદિરોમાં પણ પ્રાર્થના-ધૂન કરવા જાણ કરેલી છે. આપને પણ બળ અને હિંમત રહે તે આશીર્વાદ છે.' આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના આત્માની શાંતિ માટે સ્વામીશ્રીએ પ્રાર્થના કરી હતી. મૃતકોના પરિવારજનોને આ આઘાત સહન કરવાનું બળ મળે અને ઘાયલ યાત્રિકોના નિરામય સ્વાસ્થ્ય માટે ખૂબ જ સંવેદનાપૂર્ણ પ્રાર્થના કરતો અને સાંત્વના પાઠવતો પત્ર સ્વામીશ્રીએ લખ્યો હતો.

## ■ બાળ દિન અને યુરોપ દિન

તા. ૪-૬-૨૦૨૩ના રોજ 'બાળ દિન અને યુરોપ દિન' ઊજવાયા હતા. આજની સંયુક્ત દિનની સભામાં સ્વામીશ્રી નાદુરસ્ત તબિયતને અવગણીને સભામાં પધાર્યા ત્યારે આનંદની કિલકારીઓથી હવેલી ગુંજી ઊઠી. સૌનો ઉત્સાહ બેવડાઈ ગયો. નૃત્યનાટિકા રૂપે રજૂ થયેલા સુંદર કાર્યક્રમના ચરમસીમારૂપ અંતિમ ભાગમાં સ્વામીશ્રીના આગમનને નૃત્ય દ્વારા વધાવ્યું. કાર્યક્રમનું શીર્ષક હતું- 'સ્વામી'ઝ વન્ડરલેન્ડ' પાંચ બાળકો આ વન્ડરલેન્ડમાં પહોંચ્યા પણ પાંચેયમાં કાંઈક કાંઈક ક્ષતિઓ હતી. સ્વામીશ્રીના માર્ગદર્શનથી તે ક્ષતિઓ તે દૂર કરતાં ગયા, સદ્‌મૂલ્યો પ્રાપ્ત કરતાં ગયા.

સ્વામીશ્રીએ શીખવેલાં તે પાંચ સદ્‌મૂલ્યો હતાં: કઠિન પુરુષાર્થ, આહ્‌નિક, નિયમિત સભા, ધર્મનિયમ અને સંપ. આ મૂલ્યોથી સૌને સફળતા સાંપડી.

સ્વામીશ્રીએ બાળકો માટે લખેલું 'To My Little Friend' અંગ્રેજી પુસ્તક ઉદ્‌ઘાટિત થયું હતું. ત્યારપછી ગુણકીર્તનદાસ સ્વામીએ પૂછેલા પ્રશ્નોના ઉત્તરો બાળકોએ બુલંદ સ્વરે 'માય મહંત સ્વામી મહારાજ!' કહીને આપ્યા. નાદુરસ્ત તબિયત વચ્ચે લાભ આપવા બદલ બાળકોએ સ્વામીશ્રીનો આભારવિધિ કર્યો. ત્યારબાદ એક પછી એક બાળકે ઊભા થઈ સૌના હૃદયમાં રમતી ભાવનાઓ કાવ્યરૂપે ગાઈને રજૂ કરી. શબ્દો, સંગીત, બાળકોનો સ્વર અને વાતાવરણ ભાવોર્મિઓથી ભરપૂર હતું. સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય ખૂબ જ સારું રહે તે માટે સૌએ સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરી.

હવે આરંભાયો 'યુરોપ દિન'નો કાર્યક્રમ. સૌ પ્રથમ સ્વામીશ્રીએ રેતી પ્રસાદીની કરી આપી જે પેરિસ મંદિરના નિર્માણમાં અને યુરોપના દેશોમાં લઈ જવાની હતી. પેરિસ મંદિર મહોત્સવ નિમિત્તે ઉપમંચ પરથી નગરયાત્રા પસાર થઈ. સ્વામીશ્રીએ તેના પર કૃપાદૃષ્ટિ કરી.

સ્વામીશ્રીની ઇચ્છા હતી કે સ્વહસ્તે પૂજન કરીને યુરોપના ભક્તોને અક્ષરપુરુષોત્તમ મહારાજ ભેટમાં આપે. તદ્‌નુસાર તેઓએ સુવર્ણરંગી અક્ષરપુરુષોત્તમ મહારાજને પુષ્પાદિથી પૂજ્યા. તેઓના વક્ષઃસ્થળે સ્પર્શ કરીને દિવ્યતાનો સંચાર પણ કર્યો. આજની સભામાં યુરોપના ૧૪ દેશોના હરિભક્તો પધાર્યા હતા અને ઘણા હરિભક્તો લાઇવ દર્શન પણ નિહાળી રહ્યા હતા. આ બધાના હૃદયમાં, ચૈતન્ય મંદિરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ સદાય વિરાજમાન રહે એવી સ્વામીશ્રીએ કૃપાદૃષ્ટિ કરી.

યુરોપમાં વિચરણ કરી રહેલા મનોહરમૂર્તિદાસ સ્વામી અને યુરોપ સત્સંગના સંયોજક અમિતભાઈ પટેલે ઉપમંચ પરથી વિવિધ પ્રાર્થનાઓ રજૂ કરી. તે સાથે યુરોપના દેશોના નકશાના બ્લોક્સ ગોઠવાતા ગયા. અંતિમ પ્રાર્થનાની સાથે જ પેરિસ મંદિર તૈયાર થઈ ગયું. તેનો મર્મ જણાવવામાં આવ્યો કે 'આપણે બધા સંપથી મંડીશું તો પેરિસ મંદિર આમ તૈયાર થઈ જશે!' સ્વામીશ્રીએ આ વાતને સંમતિ આપી.

યુરોપના ભક્તોએ બનાવેલી ખૂબ સુંદર પુષ્પ-ચાદર યુરોપના મુખ્ય કાર્યકરોએ સ્વામીશ્રીને અર્પણ કરી. સભાના અંતે યુરોપના યુવાવૃંદે *'જયતુ જયતુ મંદિરમ્‌...'* કીર્તન પર નૃત્ય આરંભ્યું અને તે સાથે સ્વામીશ્રીએ સૌ



પર દૃષ્ટિઆશિષ વરસાવી.

● તા. ૬-૬-૨૦૨૩ના રોજ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીની તુલાવિધિ થઈ હતી. અહીંના હરિભક્તોએ અનેરા ભક્તિભાવ સાથે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનો અને સ્વામીશ્રીનો તુલાવિધિ કરીને સમર્પણ-ભક્તિ અદા કરી હતી. સ્વામીશ્રીએ સૌની સેવા-સમર્પણ-ભક્તિને બિરદાવી હતી.



## ■ પ્રતીક રંગોત્સવ

તા. ૭-૬-૨૦૨૩ના રોજ સ્વામીશ્રીએ પ્રતીક રંગોત્સવ ઊજવી સૌને દિવ્ય લાભ આપ્યો હતો. મંદિરમાં આજના ઉત્સવને અનુરૂપ શણગાર સજવામાં આવ્યા હતા. મધ્યખંડમાં સ્વામીશ્રીએ ઠાકોરજી પર જલવર્ષા કરીને આજના ઉત્સવનો શુભારંભ કર્યો હતો.

આજે સ્વામીશ્રીએ ત્રણ યુવકોને પાર્ષદી દીક્ષા આપી હતી. ત્રણ યુવકો પૈકીના હરિભાઈ(લંડન)નું એકલવ્ય ભગત, હર્ષિલભાઈ(લેસ્ટર)નું ઋજુ ભગત અને શામિલભાઈ(લંડન)નું વિભીષણ ભગત નામાભિધાન કરીને સ્વામીશ્રીએ તેઓને દીક્ષામંત્ર આપ્યો હતો અને અંતમાં આશિષ અર્પ્યા હતા.

વળી, સ્વામીશ્રીએ રશિયન ભાષામાં ભાષાંતરિત થયેલા સત્સંગદીક્ષા ગ્રંથને ઉદ્‌ઘાટિત કર્યો હતો અને ‘Daily Satsang Time’ની મોબાઈલ એપનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

રંગોત્સવનો મુખ્ય કાર્યક્રમ મંદિરના પ્રાંગણમાં વિરાજમાન પ્રમુખસ્વામી



મહારાજની વિશાળ મૂર્તિ સમક્ષ યોજાયો હતો. રંગોત્સવનો લાભ લેવા ઊમટેલા અસંખ્ય હરિભક્તો-ભાવિકોથી મંદિર પરિસર ઊભરાતું હતું. મહિલા હરિભક્તોએ હવેલીમાં બેસીને જીવંત પ્રસારણ દ્વારા રંગોત્સવના કાર્યક્રમને માણ્યો હતો.

સૌપ્રથમ સ્વામીશ્રીએ અક્ષર-પુરુષોત્તમ મહારાજનું વેદોક્ત પૂજન કર્યું. પૂજનના અંતે અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીએ અરસપરસ જલવર્ષા કરીને સૌને વિશેષ સ્મૃતિ આપી. ત્યારબાદ આવી પહોંચી હરિભક્તોને રંગવાની ધન્ય ઘડી. સ્વામીશ્રીએ પિચકારીનું સંચાલન હાથ ધર્યું તે સાથે જ મંચના અગ્રભાગમાં રહેલી પિચકારીમાંથી રંગની ધારાઓ છૂટવા લાગી. સાથે પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિના કરમાં રહેલી પિચકારીમાંથી પણ રંગવર્ષા થવા લાગી. હરિભક્તો ક્રમબદ્ધ રીતે મંચની સમીપે આવીને ગુરુહરિનાં દર્શન કરતાં રંગધારાઓમાં તરબતર થયા. સ્વામીશ્રીએ બંને તરફ પિચકારી ફેરવીને એક એક હરિભક્તને દિવ્યતાના રંગે રંગ્યા હતા. સૌને તીર્થધામ સારંગપુરમાં ઊજવાતા ફૂલદોલના ઉત્સવ જેવો જ દિવ્યતાનો અનુભવ થયો હતો.

● તા. ૮-૬-૨૦૨૩ના રોજ સ્વામીશ્રીએ લ્યૂટન (Luton) ખાતેના બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો વેદોક્ત પ્રાણ-પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો.

પરમ પૂજ્ય સ્વામીશ્રી યુ.કે.માં પધાર્યા છે તે સમાચાર અહીંના વડાપ્રધાન શ્રી ઋષિ સુનકને મળ્યા હતા. તેઓની સ્વામીશ્રી સાથે મુલાકાત ગોઠવાઈ હતી, પરંતુ તેઓ અનિવાર્ય કારણોસર આવી શક્યા નહોતા. તે બદલ દિલસોજી વ્યક્ત કરતો પત્ર લખીને તેમણે મોકલ્યો હતો. આ પત્રનું વાંચન યોગવિવેકદાસ સ્વામીએ કર્યું હતું.

લંડન ખાતેના રોકાણના અંતિમ દિને વિવિધ કલાત્મક હાર અને ચાદર અર્પણ કરીને સંતોએ સ્વામીશ્રીને વિદાયમાન આપ્યું હતું. સતત ૩૮ દિવસ સુધી યુ.કે.-યુરોપના હજારો હરિભક્તો-ભાવિકોને બ્રહ્માનંદ કરાવી અને અનહદ સત્સંગ-સુખ આપીને સ્વામીશ્રીએ તા. ૮-૬-૨૦૨૩ના રોજ કેનેડા પ્રતિ પ્રયાણ કર્યું હતું.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆








# ગુજરાતનાં વધુ સાત ગામોમાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં ઊજવાયા શાનદાર મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો

વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસના દ્વારા અસંખ્ય લોકોનો સર્વાંગી જીવન-ઉત્કર્ષ કરતું પવિત્ર સ્થાન એટલે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર. ૯૦ વર્ષની ઉંમરે પણ સતત વિચરણ કરીને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ વ્યક્તિ અને સમાજના સર્વાંગી ઉત્કર્ષ માટે દેશવિદેશમાં ઠેર ઠેર મંદિરો નિર્માણ કરી રહ્યા છે. તેઓની નિશ્રામાં સંતો-ભક્તોના પુરુષાર્થ અને સમર્પણભાવથી નિર્માણ પામેલાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરો ગામમાં આધ્યાત્મિક અને સામાજિક જાગૃતિનું એક કેન્દ્ર બની રહ્યાં છે. તાજેતરમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ભદ્રેસર, અમીનપુર, નવા સામેરા, કાલિયાકૂવા, ઇપલોડા, સૂત્રપાડા અને વેસ્મા ખાતે નિર્માણ પામેલાં એવાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં ઊજવાયેલા પ્રતિષ્ઠા ઉત્સવની એક ઝલક અહીં પ્રસ્તુત છે....

## ભદ્રેસર ખાતે યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના ભદ્રેસર ગામમાં તા. ૨૦-૩-૧૯૯૪ના રોજ પધારીને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે આ ગામને પાવન કર્યું હતું. તેઓની અમીદૃષ્ટિથી અહીં સત્સંગનો પ્રારંભ થયો હતો. ત્યારપછી પૂજ્ય શ્રીરંગદાસ સ્વામી અને હિંમતનગર મંદિરેથી સંતોએ અવારનવાર આ ગામમાં પધરામણીઓ અને કથાવાર્તા કરીને સત્સંગને વેગવંતો રાખ્યો. છેલ્લા બે દસકાના સમયગાળામાં સદ્‌ગુરુ સંતો અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પણ ત્રણ વખત ભદ્રેસરમાં પધારી ચૂક્યા છે. સત્સંગમંડળો પ્રવૃત્ત થતાં ભાવિક-ભક્તો સરળતાથી ભગવદ્‌ભક્તિ કરી શકે તે માટે ગામમાં મંદિરની જરૂરિયાત જણાઈ. ગામના વરિષ્ઠ સત્સંગી પ્રભુદાસભાઈની ઇચ્છા અનુસાર તેઓના સુપુત્ર શ્રી ડૉ.

રામુભાઈ અને બચુભાઈએ પોતાનું ખેતર અને જ્યાં સ્વામીશ્રી પધાર્યા હતા તે પ્રાસાદિક ઘર સંસ્થાને અર્પણ કર્યું. ગામની મધ્યમાં આવેલા આ પ્રાસાદિક ઘરના સ્થાને મંદિર રચવાનું સૌએ નક્કી કર્યું.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા પૂજિત ઇષ્ટિકાઓને ગર્તમાં પધરાવીને સંતોએ ખાતમુહૂર્ત કરીને મંદિર નિર્માણકાર્યની શરૂઆત કરી. સૌ હરિભક્તોનાં સમર્પણ-સેવાથી મંદિરનું નિર્માણકાર્ય પૂર્ણ થયું. પ્રતિષ્ઠા-ઉત્સવ આવી પહોચતાં યુવકમંડળે સ્વચ્છતા અભિયાન આદરીને સમગ્ર ગામ સ્વચ્છ કર્યું તેમજ ગામને શણગાર્યું હતું. તા. ૧૭-૧-૨૦૨૩ના રોજ અપરાહ્ને ગામજનોના અપાર ઉત્સાહ વચ્ચે અનેકવિધ કલાત્મક રથોમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શોભાયાત્રા આરંભાઈ. જેમાં નાત-જાતના ભેદભાવ સિવાય ઊમટેલા તમામ ગ્રામજનો પર શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજે કૃપાદૃષ્ટિ કરી. આ દિને સંધ્યા સભામાં કૃષ્ણપ્રિયદાસ સ્વામી અને યુવકવૃંદે આપેલો કીર્તનભક્તિનો લાભ ગામજનોએ માણ્યો.

તા. ૧૮-૧-૨૦૨૩ના રોજ વહેલી સવારે વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો. જેનો ઉતરાર્ધવિધિ સંતોએ કરાવ્યો. ત્યારબાદ પૂર્વાર્ધવિધિમાં ૧૫૦ યજમાનોએ ભૂદેવોના વૈદિક મંત્રગાન વચ્ચે આહુતિઓ અર્પીને સૌની સુખાકારી માટે પ્રાર્થના કરી. યજ્ઞની પૂર્ણાહુતિ બાદ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૩૧-૧૨-૨૦૨૨ના રોજ પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ ભદ્રેસરના નવનિર્મિત મંદિરમાં પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો.

મંદિર નિર્માણ અને ઉત્સવમાં વિશેષ સહયોગ શ્રી રાજુભાઈ રામુભાઈ તથા અમેરિકા નિવાસી શ્રી ધર્મેશભાઈ દેસાઈ, આશિષભાઈ દેસાઈ, અનુપભાઈ દેસાઈ, જીવજીભાઈ દેસાઈ, નરસિંહભાઈ દેસાઈ, જિતાભાઈ દેસાઈ, નીરવભાઈ દેસાઈ, વિનુભાઈ દેસાઈ, ઓસ્ટ્રેલિયા નિવાસી જતિનભાઈ દેસાઈ અને ગોધમજી નિવાસી ભરતભાઈ પટેલ અને મનોજભાઈ દેસાઈનો રહ્યો હતો. સ્થાનિક હરિભક્ત નરેશભાઈ દેસાઈ, રાજુભાઈ દેસાઈ, વિનુભાઈ દેસાઈ અને પ્રફુલ્લભાઈ દેસાઈ તેમજ દરેક સમાજના ભાવિક-ભક્તોની પરિશ્રમયુક્ત સેવાથી મંદિર નિર્માણકાર્ય અને પ્રતિષ્ઠા ઉત્સવ સંપન્ન થયો. પૂજ્ય મંગલપુરુષદાસ સ્વામી તેમજ અહીં વિચરણ કરતા અમૃતમુનિદાસ સ્વામી અને ગુરુયોગીદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ યુવકમંડળે પ્રશંસનીય સેવા કરી હતી.





ભદ્રેસર ખાતે નૂતન મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે મૂર્તિસ્થાપનવિધિમાં રત પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી...

## અમીનપુર ખાતે યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ભગવાન સ્વામિનારાયણની ચરણરજથી પ્રસાદીભૂત સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના અમીનપુર ગામમાં નવનિર્મિત બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ તા. ૩૦-૪-૨૦૨૩ના રોજ ભક્તિભાવપૂર્વક ઊજવાઈ ગયો.

૧૩૫૦ની વસ્તી ધરાવતું આ ગામ ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલું છે. હિંમતનગર ખાતે શિખરબદ્ધ મંદિરના નિર્માણની સેવાથી અમીનપુરનાં ભાઈ-બહેનોને સત્સંગનો રંગ લાગ્યો અને ત્યારબાદ નિર્મલચરણદાસ સ્વામી અને આનંદયોગીદાસ સ્વામીના વિચરણથી સત્સંગ વધતો ગયો. સન ૨૦૧૬ના એપ્રિલ મહિનામાં પૂજ્ય મહંત સ્વામી મહારાજ પ્રાંતિજ પાસેથી પસાર થતા હતા ત્યારે અમીનપુર ગામ પર દૃષ્ટિ વરસાવી

આશિષ આપ્યા હતા. તેઓના આશીર્વાદ પામીને શ્રી વિનોદભાઈ ગાંડાભાઈ પટેલે ઉત્સાહપૂર્વક ગામમાં પ્રવેશમાર્ગ પરની જમીન મંદિર માટે કૃષ્ણાર્પણ કરી.

તા. ૧૩-૧૧-૨૦૧૯ના રોજ પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં આ ભૂમિનું પૂજન થયું. શ્રી અરવિંદભાઈ, અશોકભાઈ, યોગેશભાઈ, વિનોદભાઈ, હરેશભાઈ, રોહિતભાઈ, રાજુભાઈ, મહેશભાઈ વગેરે હરિભક્તોના સંપ અને નિઃસ્વાર્થ સેવાભાવનાથી દોઢ વર્ષના સમયગાળામાં સુંદર મંદિરનું નિર્માણ થયું અને પ્રતિષ્ઠા ઉત્સવ આવી પહોંચ્યો. તા. ૨૮-૪-૨૦૨૩ના રોજ ગામ સમસ્તની વિશિષ્ટ સભા યોજાઈ, જેમાં સંતોએ પ્રેરક ઉદ્‌બોધનમાં સભાજનોને જીવન-ઉત્કર્ષનો સંદેશો આપ્યો. તા. ૨૯-૪-૨૦૨૩ના સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમ્યાન મહિલાપાંખ દ્વારા મહિલા સંમેલન યોજાયું, જેમાં ૮૦૦થી વધુ બહેનોએ ભક્તિસભર પ્રેરણાત્મક કાર્યક્રમનો લાભ માણ્યો. તે જ દિવસે સાંજે અક્ષરપુરુષોત્તમ મહારાજની શોભાયાત્રા ગામમાં યોજાઈ.

તા. ૩૦-૪-૨૦૨૩ના મંગલ પ્રભાતે શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો, જેમાં ૨૦૦થી વધુ યજમાનોએ વૈદિક મંત્રોના ગાન વચ્ચે યજ્ઞનારાયણને આહુતિ અર્પણ કરીને ધન્યતા અનુભવી હતી.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં પુનીત કરકમળો દ્વારા સારંગપુરમાં તા. ૨૪-૩-૨૦૨૩ના રોજ વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાની મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૩૦-૪-૨૦૨૩ના રોજ જ્ઞાનેશ્વરદાસ સ્વામી, શ્રીરંગદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. ત્યારબાદ યોજાયેલી પ્રાસંગિક સભામાં બોધવચનો પાઠવીને સંતોએ હરિભક્તોનાં સેવા-સમર્પણને બિરદાવ્યાં હતાં.

હિંમતનગર મંદિરના કોઠારી મંગલપુરુષદાસ સ્વામી તથા અહીં વિચરણ કરતા નિર્મલચરણદાસ સ્વામી, આનંદયોગીદાસ સ્વામી અને વેદાંતમુનિદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સૌ હરિભક્તોની અપૂર્વ સેવાથી સંપન્ન થયેલો આ પ્રશંસનીય ઉત્સવ સ્મૃતિદાયક બની રહ્યો.





અમીનપુરમાં મૂર્તિસ્થાપનવિધિ કરતા પૂજ્ય જ્ઞાનેશ્વરદાસ સ્વામી, નવા સામેરા ખાતે યોજાયેલી પ્રાસંગિક સભામાં ભક્તસમુદાય...

## નવા સામેરા ખાતે યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

અરવલ્લી ગિરિમાળાઓ વચ્ચે આવેલા મેઘરજ તાલુકાના નવા સામેરા ગામમાં નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ તાજેતરમાં ભક્તિભાવપૂર્વક યોજાઈ ગયો.

વર્ષો પૂર્વે શ્રીરંગદાસ સ્વામી અને ઋષિપ્રિયદાસ સ્વામીના વિચરણના પરિણામે અહીં સત્સંગની શરૂઆત થઈ હતી. કર્તવ્યનિષ્ઠ કાર્યકર શ્રી પર્વતસિંહે વર્ષો સુધી ગામજનોનો વ્યક્તિગત સંપર્ક કરીને સત્સંગ દ્વારા સૌમાં નૈતિક અને સામાજિક મૂલ્યોનું સિંચન કર્યું. આ અરસામાં શિક્ષકશ્રી ફૂલજીભાઈને સત્સંગનો રંગ લાગ્યો. સંતોના વિચરણને પરિણામે સત્સંગીબંધુઓની સંખ્યામાં અભિવૃદ્ધિ થઈ. વરિષ્ઠ સંતોનું પણ વિચરણ યોજાતું રહ્યું, જેથી ગામજનોમાં જાગૃતિ આવી. વ્યસન, વહેમ, અંધશ્રદ્ધા દૂર થતાં જીવનપરિવર્તનના અધ્યાયો શરૂ થયા. સમગ્ર ગામ નશામુક્ત બન્યું. સન ૨૦૦૧માં અહીં સંસ્કારધામનું નિર્માણ થયું હતું. તેમાં પ્રમુખસ્વામી મહારાજના હસ્તે પૂજિત ચિત્રપ્રતિમાઓનું સ્થાપન તા. ૧૦-૬-૨૦૦૧ના રોજ થયું ત્યારથી સત્સંગની હરિયાળી શીતળતાનો અનુભવ સૌને થતો રહ્યો. સંતોએ નિયમિત વિચરણ કરીને

કથાવાર્તા દ્વારા સત્સંગગંગાને વહેતી રાખી. સત્સંગનો વ્યાપ થતાં આવશ્યકતા જણાતાં સંસ્કારધામનું નવીનીકરણ કરીને નૂતન મંદિર રચવામાં આવ્યું.

આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨-૫-૨૦૨૩ના રોજ વિવિધ કલાત્મક રથોમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા ગુરુપરંપરાની મૂર્તિઓની શાનદાર શોભાયાત્રા ગામમાં આરંભાઈ. ભક્તિસંગીતની સુરાવલિ રેલાવતી, જીવનના અણમોલ સંભારણા સમાન આ શોભાયાત્રાને ગ્રામજનોએ હરખે વધાવી હતી. આજે સંધ્યાસભામાં સંતોએ ભાવિક જનતાને મંદિર, પ્રભુભક્તિ તથા સત્સંગનો વિશેષ મહિમા સમજાવીને શુભભાવનાઓ વ્યક્ત કરી હતી.

તા. ૩-૫-૨૦૨૩ની સુપ્રભાતે સુશોભિત યજ્ઞશાળામાં વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો, જેમાં ૩૦૦ હરિભક્તોએ પવિત્ર યજ્ઞવિધિનો લાભ લીધો. ત્યારબાદ, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે તા. ૨૯-૭-૨૦૨૨ના રોજ વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ નવા સામેરાના મંદિરમાં પૂજ્ય યજ્ઞપ્રિયદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. પ્રતિષ્ઠાવિધિ બાદ યોજાયેલા પ્રાસંગિક સમારોહમાં સંતોએ આશીવર્ચન પાઠવીને સૌની સુખાકારી માટે પ્રાર્થના કરી. અંતમાં શ્રી ફૂલજીભાઈ તથા અન્ય સેવાનિષ્ઠ ભક્તોની સેવાને સંતોએ બિરદાવી હતી.




નવા સામેરામાં યોજાયેલા વિશ્વશાંતિ મહાયજ્ઞમાં સંમિલિત યજમાનબંધુઓ તથા નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર

## કાલિયાકૂવા ખાતે યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ગુજરાત-રાજસ્થાનની સરહદ પર આવેલા મેઘરજ તાલુકા કાલિયાકૂવા ગામમાં મુખ્યત્વે ઠાકોર સમાજના ૩૦૦૦ ગ્રામજનો વસવાટ કરે છે. અરવલ્લી ગિરિમાળા વચ્ચે વસેલા આ ગામમાં ગુણાતીત ગુરુવર્યોના આશીર્વાદથી સત્સંગ અભિવૃદ્ધિ પામી રહ્યો છે.

વર્ષો પૂર્વે કાલિયાકૂવામાં શ્રીરંગદાસ સ્વામી તથા ઋષિપ્રિયદાસ સ્વામીએ શિક્ષક શ્રી ચેહરાભાઈના ઘરેથી સત્સંગની શરૂઆત કરી હતી ત્યારથી સત્સંગની ભાગીરથી અવિરત વહેવા માંડી. સંતોનું વિચરણ સતત ચાલુ રહેતાં સ્થાનિક સમાજ સત્સંગાભિમુખ બન્યો. સંનિષ્ઠ કાર્યકર શ્રી પર્વતસિંહે ગામમાં બાળમંડળની શરૂઆત કરી. સત્સંગના વાતાવરણથી વ્યસન, માંસાહાર, અંધશ્રદ્ધા તથા અજ્ઞાનતામાં ગુલતાન રહેતા લોકોને જીવન પરિવર્તનની દિશા લાધી. ગામમાં સત્સંગનો સૂર્યોદય થતાં આજે વ્યસન, અંધશ્રદ્ધા જેવી બદીઓ દૂર થઈ છે. પરિણામે વિદ્યાર્થીઓ શિક્ષણમાં પ્રગતિ કરીને ઉજ્જવળ કારકિર્દી હાંસલ કરી રહ્યા છે. ગામમાં ઉત્તરોત્તર સત્સંગ પ્રવૃત્તિની વૃદ્ધિ થતાં આ સત્સંગને વિશેષ પુષ્ટિ આપવા માટે નૂતન મંદિરની આવશ્યકતા જણાઈ.

શ્રી ચેહરાભાઈ ડામોરે રાજસ્થાન-ગુજરાતને જોડતા ધોરીમાર્ગ પર આવેલી એક વીઘા ભૂમિ મંદિર માટે અર્પણ કરી. સંતોએ તા. ૧૦-૧-૨૦૧૭ના રોજ મહંત સ્વામી મહારાજ દ્વારા પૂજિત ઈષ્ટિકાઓ ખાતમાં પધરાવીને મંદિરના નિર્માણકાર્યની શરૂઆત કરાવી. ડામોરબંધુઓ શ્રી ચેહરાભાઈ, ધીરુભાઈ, નાનજીભાઈ, રજનીભાઈ, મોહનભાઈ, તલાભાઈ, શ્રી રમેશભાઈ વગેરેના વિશેષ સેવા-સહયોગથી મંદિર નિર્માણ પામ્યું.

આ મંદિરના પ્રતિષ્ઠા ઉત્સવના નિમિત્તે તા. ૯-૫-૨૦૨૩ની સવારે મહિલા સંમેલન યોજાયું હતું. અપરાહ્ને ચાર વાગ્યે પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની સુંદર

શોભાયાત્રા ગામજનોના અપાર ઉત્સાહ વચ્ચે યોજાઈ. સંધ્યા સભામાં સંતોએ પ્રેરક ઉદ્‌બોધન કરી મંદિર, સત્સંગ અને સત્પુરુષની મહત્તા વર્ણવી.

તા. ૧૦-૫-૨૦૨૩ના રોજ સુપ્રભાતે શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો, જેમાં ૩૫૦ યજમાનોએ પવિત્ર યજ્ઞવિધિનો લાભ લઈને માંગલિક પ્રાર્થનાઓ કરી. ત્યારબાદ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં યોજાયું હતું, જેમાં મહિલાપાંખ દ્વારા અનેકવિધ પ્રેરક કાર્યક્રમોની પ્રસ્તુતિ થઈ હતી. અંતે સૌ બહેનોએ ઠાકોરજીનો તુલાવિધિ કરીને યથાશક્તિ ભક્તિઅર્ઘ્ય અર્પીને મંદિર નિર્માણસેવામાં સહયોગ આપ્યો હતો. ત્યારબાદ પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની નગરયાત્રા કલાત્મક રથોમાં આરંભાઈ. શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાએ સમગ્ર સૂત્રપાડા નગર પર દૃષ્ટિ કરી. આ




કાલિયાકૂવામાં યોજાયેલી શોભાયાત્રામાં અક્ષરપુરુષોત્તમ મહારાજના રથનું વહન કરતા સંતો અને પ્રાસંગિક સમારોહ...

કરકમળો દ્વારા તા. ૨૯-૭-૨૦૨૨ના રોજ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ નૂતન મંદિરનાં કલાત્મક સિંહાસનોમાં રાજેશ્વરદાસ સ્વામી, મંગલપુરુષદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. આજે યોજાયેલા પ્રાસંગિક સમારોહમાં પૂજ્ય સંતોએ આશીર્વચન પાઠવીને સેવારત ભક્તો-ભાવિકોના સમર્પણને બિરદાવ્યું હતું.

## સૂત્રપાડામાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

*'ભાગ્ય મોટાં આ ભૂમિનાં, જ્યાં હર્યાફર્યા હરિ આપ...'*નું ગૌરવ ધરાવતી સૂત્રપાડાની ભૂમિને ભગવાન શ્રી સ્વામિનારાયણે નીલકંઠવર્ણી વેશે પોતાની પદરજથી પાવન કરેલી છે. ગુણાતીત ગુરુ પરંપરાએ પણ અહીં વિચરણ કરીને ગ્રામજનોની સત્સંગ-સરિતાને સમૃદ્ધ કરી છે. આ સત્સંગ-સરિતા વધારે વેગવંતી બની રહે એ માટે ગુરુહરિ મહંત સ્વામી મહારાજે ગીર-સોમનાથ જિલ્લાના સૂત્રપાડા નગરને એક નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની ભેટ આપી છે.

આ નવનિર્મિત મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૧૦-૫-૨૦૨૩ના રોજ સવારે વિશ્વશાંતિ મહાયજ્ઞ કરવામાં આવ્યો, જેમાં ૨૨૫ યજમાનોએ આહુતિ અર્પીને મંગલ પ્રાર્થનાઓ કરી હતી. બપોરે મહિલા સંમેલન અભૂતપૂર્વ શોભાયાત્રાને નિહાળીને દર્શનાર્થીઓના અંતરમાંથી ઉદ્‌ગાર નીકળ્યા કે અમે તો આવી દિવ્ય, શિસ્તબદ્ધ અને પ્રેરણાત્મક સંદેશાઓ આપતી શોભાયાત્રા પ્રથમ વખત નિહાળી છે. શોભાયાત્રા મંદિર પરિસરમાં વિરમી ત્યારે સૌએ આરતી અર્ઘ્ય અર્પીને આતશબાજી દ્વારા વધાવી હતી.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા તા. ૨૯-૧૦-૨૦૨૨ના રોજ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૧૧-૫-૨૦૨૩ના રોજ માંગલિક સવારે વૈદિક વિધિ દ્વારા અક્ષરચરણદાસ સ્વામી અને સોમપ્રકાશદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. પ્રતિષ્ઠા પૂર્વે વૈદિક મહાપૂજાવિધિ યોજાયો, જેમાં ૩૦૦થી વધારે યજમાનોએ લાભ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી. ત્યારબાદ યોજાયેલા પ્રાસંગિક સમારોહમાં સંતોએ મંદિરનો મહિમા સમજાવી ભક્તિપૂર્વક મંદિરનો લાભ લેવાનું માર્ગદર્શન આપ્યું. ત્યારબાદ મંદિરનિર્માણમાં સહયોગી શ્રી મલયકુમાર દિનેશભાઈ સોલંકી, શ્રી નરેન્દ્રભાઈ સોલંકી, શ્રી રાજેન્દ્રભાઈ માવદિયા, શ્રી નવીનભાઈ માવદિયા, શ્રી દેવશીભાઈ રામ, શ્રી ચંદુભાઈ પાઠક, શ્રી મસરીભાઈ મેર, શ્રી હરેશભાઈ પઢિયાર, શ્રી

રમેશભાઈ ચૌહાણ, શ્રી શશિકાંત જેઠવા, શ્રી પ્રમોદભાઈ ચૌહાણ, શ્રી છગનભાઈ જેઠવા, શ્રી હસમુખભાઈ ગોહેલ, શ્રી હરેશભાઈ વાઢેર, શ્રી હરેશભાઈ દરી વગેરેનું સન્માન કરવામાં આવ્યું.

અહીં વિચરણ કરતાં અખંડચિંતનદાસ સ્વામી તથા પરમનિલયદાસ સ્વામી અને સ્વયંસેવકોના સંપ, સુહૃદભાવથી આ ઉત્સવ ભક્તિપૂર્વક સંપન્ન થયો હતો.





ઇપલોડા ખાતેના નવનિર્મિત મંદિરનાં કલાત્મક સિંહાસનોમાં મૂર્તિસ્થાપનવિધિ કરતા પૂજ્ય યજ્ઞપ્રિયદાસ સ્વામી અને સંતો...

## ઇપલોડા ખાતે યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

મેઘરજ-માલપુર તાલુકાના મધ્યે આવેલા ઈપલોડા ગામમાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ તા. ૨૧-૫-૨૦૨૩ના રોજ યોજાઈ ગયો.

બહુધા ખેડૂતોની વસ્તી ધરાવતા આ ગામમાં સન ૧૯૯૪માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી શ્રીરંગદાસ સ્વામી તથા ઋષિપ્રિયદાસ સ્વામીએ વિચરણનો આરંભ કર્યો હતો. સ્થાનિક કાર્યકર શ્રી પર્વતસિંહે અહીં બાલમંડળની શરૂઆત કરી સત્સંગનો આરંભ કર્યો હતો. પૂજ્ય ડૉક્ટર સ્વામી તથા પૂજ્ય કોઠારી ભક્તિ-પ્રિયદાસ સ્વામીએ અહીં પધારીને સત્સંગનો મહિમા સમજાવ્યો, તેથી સત્સંગમાં વિશેષ જાગૃતિ આવી. પરિણામે સંયુક્ત સત્સંગ મંડળ અને મહિલા સત્સંગ મંડળની શરૂઆત થઈ. આ અભિવૃદ્ધિ પામી રહેલા સત્સંગને ઊંડાણ આપવા મંદિરની આવશ્યકતા ઊભી થઈ.

નિષ્ઠાવાન હરિભક્ત શ્રી કાંતિભાઈ, શ્રી ધૂળાભાઈ, શ્રી પ્રવીણભાઈએ મંદિર માટે ભૂમિ અર્પણ કરી. મંદિર નિર્માણમાં શ્રી ભીખાભાઈ પટેલ અને શ્રી બહેચરભાઈ પંચાલે વિશેષ સેવા યોગદાન આપ્યું. સંતોના માર્ગદર્શન હેઠળ મંદિર નિર્માણકાર્યમાં સૌ હરિભક્તો સંપ, સુહૃદભાવ અને એકતાથી શ્રમયજ્ઞમાં જોડાઈ ગયા અને એક સર્વાંગ સુંદર મંદિરનું નિર્માણ થયું.



આ મંદિરમાં પ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૦-૫-૨૦૨૩ના રોજ મહિલા સંમેલન યોજાયું હતું, તેમાં ૭૦૦ બહેનોએ ઉપસ્થિત રહીને ભક્તિસભર કાર્યક્રમનો લાભ લીધો હતો. અપરાહ્‌ને મંદિરમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શોભાયાત્રા સમગ્ર ગામજનોની ઉપસ્થિતિમાં ધામધૂમથી યોજાઈ. કલાત્મક અશ્વરથમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને અન્ય રથોમાં ગુણાતીત ગુરુપરંપરા અને દેવસ્વરૂપોની મૂર્તિઓ દર્શનદાન આપતી હતી. આબાલવૃદ્ધ ભાવિક -ભક્તોના ભક્તિ-કીર્તનો અને જયજયકારે ગામની શેરીઓમાં ભક્તિની લહેરખી પ્રસરાવી દીધી હતી. આજે સંધ્યા સભામાં સંતોએ જીવનમાં સત્સંગ, સત્પુરુષ અને મંદિરની આવશ્યકતા વિષયક પ્રેરક ઉદ્‌બોધનો કર્યાં હતાં.

તા. ૨૧-૫-૨૩ના રોજ શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞમાં

વિરાજીને ૩૫૦ યજમાનોએ પવિત્ર યજ્ઞવિધિનો લાભ લીધો. તા. ૨૯-૭-૨૦૨૨ના રોજ અમદાવાદ મુકામે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ યજ્ઞપ્રિયદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો.

મૂર્તિપ્રતિષ્ઠા સમારોહ સભામાં આશીર્વચન પાઠવીને સંતોએ સેવાનિષ્ઠ હરિભક્તોની સેવાને બિરદાવી હતી. આ ઉત્સવમાં અનેક ગામજનોએ વ્યસનને તિલાંજલિ આપીને ઉત્સવને વધુ સફળ બનાવ્યો હતો.




દક્ષિણ ગુજરાતના વેસ્મા ખાતે રચાયેલા નૂતન મંદિરનું ઉદ્‌ઘાટન અને મૂર્તિસ્થાપન-વિધિ કરતા પૂજ્ય ભક્તવત્સલદાસ સ્વામી...

## વેસ્મા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

વર્ષો પૂર્વે મુંબઈથી સંતો અન્નકૂટનો પ્રસાદ લઈને પધારતા હતા ત્યારથી દક્ષિણ ગુજરાતના વેસ્મા ગામમાં સત્સંગની શરૂઆત થઈ હતી. આ સંતોનું ઉનાળામાં પણ વિચરણ અવારનવાર યોજાતું રહેતું. તે અરસામાં ડૉ. શાંતિલાલ મિસ્ત્રીના ઘરેથી સત્સંગની શરૂઆત થઈ હતી. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ પણ એકવાર વેસ્મામાં પધારેલા. તા. ૨૬-૬-૧૯૭૯ના દિવસે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પધાર્યા ત્યારે અત્યારે જ્યાં મંદિર રચાયું છે તે ફળિયાનાં ઘરોમાં પધરામણીઓ કરી હતી. સ્વામીશ્રીની આજ્ઞાથી નવસારી મંદિરથી સંતોનું નિયમિત સત્સંગ વિચરણ શરૂ થયું. સંતોના પુરુષાર્થથી શ્રી ભૂપેન્દ્રભાઈ ભાવસારના ઘરે સત્સંગસભા યોજાવા લાગી ત્યારથી વધુ ને વધુ સંખ્યામાં ભાવિક ભક્તો સત્સંગમાં આકર્ષાવા લાગ્યા. પરિણામે મંદિરની આવશ્યકતા ઊભી થઈ. મંદિરના નિર્માણ માટે ડૉ. શાંતિલાલે પોતાનું ઘર અર્પણ કર્યું હતું. સન ૨૦૧૧માં ત્યાં સંસ્કારધામ રચાતાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ દ્વારા પ્રતિષ્ઠિત થયેલી ચિત્રપ્રતિમાઓ પધરાવવામાં આવી હતી. ત્યારપછી ગામમાં સત્સંગની સવિશેષ અભિવૃદ્ધિ થતાં સૌ હરિભક્તોને સુવિધાયુક્ત મંદિર થાય તેવી ભાવના જાગી. પરિણામે સંસ્કારધામની આજુબાજુની ભૂમિને સંપાદિત કરવામાં આવી. તે ભૂમિ પર તા. ૧૯-૬-૨૦૨૨ના રોજ સંતોની ઉપસ્થિતિમાં ખાતમુહૂર્તવિધિ યોજાયો અને નૂતન મંદિર નિર્માણની પ્રક્રિયા આરંભાઈ. દેશ-પરદેશમાં રહેતા ગામજનો તરફથી પણ વિશેષ સેવા-સહયોગ પ્રાપ્ત થતાં મંદિર નિર્માણકાર્ય વેગવંતું બન્યું. સંપપૂર્વક પુરુષાર્થમાં એક અનોખું ઉદાહરણ પૂરું પાડનાર વેસ્મા સત્સંગમંડળે દસેક મહિનામાં સુંદર મંદિરનું નિર્માણ કરી દીધું.

આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૦-૫-૨૦૨૩ના રોજ વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો, જેમાં ૮૦૦ ભક્તો-ભાવિકોએ યજ્ઞવિધિનો લાભ લીધો. ત્યારબાદ સાંજે પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શાનદાર શોભાયાત્રા યોજાઈ. તા. ૨૫-૨-૨૦૨૩ના રોજ મુંબઈમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ વેસ્મા મંદિરમાં તા. ૨૧-૫-૨૦૨૩ના રોજ ભક્તવત્સલદાસ સ્વામી અને નવસારી મંદિરના સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. ત્યારબાદ પ્રાસંગિક સભા યોજાઈ હતી.

નવસારી મંદિરના કોઠારી પૂર્ણકામદાસ સ્વામી તથા અહીં વિચરણ કરતા આનંદકિશોરદાસ સ્વામી અને મુનિસ્મરણદાસ સ્વામીના માર્ગદર્શન પ્રમાણે નૂતન મંદિરનું નિર્માણકાર્ય અને પ્રતિષ્ઠા ઉત્સવ ભક્તિભાવપૂર્વક સંપન્ન થયાં હતાં.

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ઠેર ઠેર યોજાઈ યુવા શિબિરો



આ વર્ષે ઉનાળુ વેકેશન દરમ્યાન સત્સંગી યુવક-યુવતીઓ માટે સત્સંગ પ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય દ્વારા એક દિવસીય યુવા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યુવા શિબિરનો મધ્યવર્તી વિચાર હતો, 'ગુણાતીત ગુરુ - આપણો પરમ સંગાથ'

દુન્યવી સંગાથ આજે છે ને કાલે નથી, પણ ગુણાતીત સત્પુરુષનો સંગાથ શ્રેષ્ઠ છે અને શાશ્વત છે. આ કેન્દ્રીય વિચારની દૃઢતા કરાવતી શિબિરમાં ત્રણ સત્રો યોજાયાં. આ સત્રોમાં પૂજ્ય સંતોનાં પ્રેરક પ્રવચનો, વર્કશોપ, સ્કિટ, વીડિયો શો દ્વારા સચોટતાથી સત્પુરુષ સાથેના દૃઢ જોડાણની વિવિધ રીત સમજાવવામાં આવી.

મુખ્યત્વે આ શિબિરનું આકર્ષણરૂપ પાસું હતું, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સાથે થયેલી પ્રશ્નોત્તરી. પરમ પૂજ્ય સ્વામીશ્રીએ આપણા યુવાસમાજને મૂંઝવતા તેમજ અધ્યાત્મમાર્ગમાં આગળ વધવા માટે માર્ગદર્શનરૂપ પ્રશ્નોના ખૂબ જ ચોટદાર ઉત્તરો આપ્યા હતા. વીડિયો દ્વારા પ્રસ્તુત થયેલી આ પ્રશ્નોત્તરી દ્વારા તમામ શિબિરાર્થીઓને સ્વામીશ્રીના પ્રત્યક્ષ સાંનિધ્ય તથા માર્ગદર્શનનો અનુભવ થયો.




શિબિરના અંત ભાગમાં સૌ શિબિરાર્થીઓ આદર્શ જીવન તથા આદર્શ સેવા દ્વારા સંસ્થા તથા પરિવારનું નામ રોશન કરવા માટે સંકલ્પબદ્ધ થયા. અને ત્યારબાદ 'હમ બી.એ.પી.એસ. કી શાન' યુવાગીતના ગાન સાથે જીવનભર ગુરુમય બની, ગુરુ સંગાથે ગુરુપથ પર જ ચાલવા કટિબદ્ધ થયા.

તા.૨૮-૫-૨૦૨૩ થી તા. ૧૮-૬-૨૦૨૩ દરમ્યાન ગુજરાત તથા મહારાષ્ટ્રનાં કુલ ૩૧ કેન્દ્રોમાં આ શિબિરનું આયોજન થયું અને તેમાં ૨૬,૦૦૦ જેટલાં યુવક-યુવતીઓએ લાભ પ્રાપ્ત કરી ધન્યતાનો અનુભવ કર્યો.

આ શિબિરોએ એ હજારો યુવાનોના જીવનમાં નૈતિકતા, આધ્યાત્મિકતા અને ઉત્સાહ છલકાવી દીધાં હતાં. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી આ શિબિર સૌ માટે પ્રેરણાની એક અનોખી ચિનગારી પ્રગટાવી ગઈ. ◆

# દક્ષિણ આફ્રિકાના લિલોંગ્વે ખાતે બી.એ.પી.એસ. દ્વારા યોજાયો નિઃશુલ્ક મોતિયા ઓપરેશન કેમ્પ

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં અનેકવિધ કાર્યક્ષેત્રો સમાજકલ્યાણના અભિન્ન અંગ સમાન રહ્યાં છે. દેશના સીમાડાઓને ઓળંગીને આ સંસ્થા દાયકાઓથી આર્થિક સ્થિતિમાં નબળી ગ્રામીણ પ્રજાના સ્વાસ્થ્ય માટે સતત પ્રયત્નશીલ રહી છે. રોગનિદાન યજ્ઞ, ચિકિત્સા યજ્ઞ, નેત્રયજ્ઞ આદિ દ્વારા બી.એ.પી.એસ. સંસ્થાએ નાનામાં નાની વ્યક્તિ સુધી પહોંચીને વસુધૈવ કુટુંબકમ્‌ના ભારતીય સૂત્રને સાકાર કર્યું છે. આ વર્ષે બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા ઊજવાયેલા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવના ઉપક્રમે સંસ્થાએ અનેકવિધ જનસેવા કાર્યો હાથ ધર્યાં હતાં.

આ કાર્યક્રમની શૃંખલા સ્વરૂપે તાજેતરમાં દક્ષિણ આફ્રિકાના લિલોંગ્વે શહેરમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર દ્વારા પંચદિવસીય નિઃશુલ્ક મોતિયા -કેમ્પ યોજાયો હતો. તા. ૮ થી ૧૨ મે, ૨૦૨૩ દરમ્યાન નાતજાત, રંગભેદ, ધર્મભેદ કોઈપણ ભેદભાવ વિના યોજાયેલા આ કેમ્પમાં ૧૧૩ જરૂરિયાતમંદ લોકોએ મોતિયાનાં ઓપરેશન કરાવ્યા હતાં. લિલોંગ્વે મંદિરના સ્વયંસેવક શ્રી હીરેનભાઈ પટેલે જણાવ્યું હતું કે ‘‘પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની ઉજવણીના ભાગરૂપે આ કાર્યક્રમમાં અમે લિલોંગ્વે ખાતેની નિખોમા હૉસ્પિટલમાં મોતિયાના કેમ્પનું આયોજન કર્યું છે. તેમાં અનેક સ્થાનિકોએ ઑપરેશન કરાવીને પોતાની દૃષ્ટિ પાછી મેળવી છે. તેઓ હવે તેમની રોજી રોટી કમાવાનાં દૈનિક કામ ઉપરાંત પોતાની અન્ય જવાબદારીઓ પણ સરળતાથી ઉઠાવી શકશે.’’

સંસ્થાના આ ઉમદા કાર્યથી પ્રભાવિત થઈને નખોમા સીસીએપી હૉસ્પિટલના આંખોના રોગોના નિષ્ણાત ડૉક્ટર વિન્સેન્ટ મોયોએ કહ્યું કે ‘‘આ કેમ્પમાં જોડાનાર નાગરિકો મોટી ઉંમરના અને ખૂબ ગરીબ છે. તેઓ સ્વ-ખર્ચે ઑપરેશન કરાવી શકે એમ નહોતા, બી.એ.પી.એસ. સંસ્થાએ તેમની સર્જરી અને પરિવહન ખર્ચ ઉપાડીને તેમના જીવનમાં પ્રકાશ પાથરીને એક સરાહનીય કાર્ય કર્યું છે. આ દર્દીઓ તેમના રોજિંદાં કામ સ્વસ્થ ચિત્તે કરી શકશે અને રાષ્ટ્ર-વિકાસમાં ભાગીદાર બની શકશે.’’

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે લિલોંગ્વે સત્સંગમંડળે તા. ૨૩-૪-૨૦૨૩ના રોજ એક સ્થાનિક સંસ્થા સાથે મળીને રક્તદાન કેમ્પ યોજ્યો હતો. જેમાં કુલ ૧૨૯ પાઈન્ટ રક્ત એકત્ર થયું હતું. આ રક્તનું કેન્સરગ્રસ્ત અને જરૂરિયાતમંદ દર્દીઓને દાન કરવામાં આવ્યું હતું. લિલોંગ્વે બી.એ.પી.એસ. સત્સંગમંડળનું આ વિરલ સેવાકાર્ય સૌને ખૂબ સ્પર્શી ગયું હતું. ◆






## Hindu community funds surgeries for the needy

CLEMENT CHINOKO
STAFF WRITER

Lilongwe-based Baps Hindu Temple has restored sight for 113 underprivileged patients, after it funded surgeries conducted at Nkhoma Mission Hospital.

The temple's coordinator Hiren Patel confirmed the development in an interview, saying that the initiative was part of the centenary celebrations for Guru Bhramswaroop Maharaj, who was president of the Baps between 1971 and 2016.

Said Patel in an interview: "We had Cataract Surgery Camp organised with Nkhoma Hospital. We have accomplished 113 surgeries free of cost for the patients."

On his part, the hospital's ophthalmologist Dr. Vincent Moyo said the key beneficiaries of the initiative were the elderly.

He said: "The Hindu community provided for their travel and surgeries at Nkhoma of which they could not manage on their own.

"This is important as now the beneficiaries will be able to do their daily activities to earn a living and contribute to the national development activities."

The community has marked Maharaj's centenary with a series of charity works.

Earlier this month it organised blood donation camps. ■

A doctor conducts eye surgery

PGOTOGRAPH: CLEMENT CHINOKO

**ભક્તરાજ શ્રી સુરેશભાઈ હરિશંકરભાઈ રાજ્યગુરુ, ભાવનગર, ઉં.વ. ૭૬, અક્ષરવાસ તા. ૧૯-૪-૨૦૨૩**



મૂળ પાલિતાણાના સંનિષ્ઠ હરિભક્ત શ્રી સુરેશભાઈ રાજ્યગુરુ યુવાનીમાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનાં યોગમાં આવ્યા ને સત્સંગના રંગે રંગાઈ ગયા હતા. ત્યારબાદ તેઓએ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી સત્સંગવિકાસનાં વિવિધ કાર્યોમાં યોગદાન આપ્યું હતું. ભાવનગર અક્ષરવાડી મંદિરના પાયાના પથ્થર સમાન આ હરિભક્તે આજીવન સેવા કરીને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો અઢળક રાજીપો પ્રાપ્ત કર્યો હતો. પ્રમુખસ્વામી મહારાજ આ વિસ્તારમાં વિચરણ માટે પધારતા ત્યારે સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં તેમનો ખૂબ મોટો ફાળો રહેતો. સરકારી વિભાગમાં ઉચ્ચ પદે નોકરીની સાથે સાથે લાતીબજાર મંદિરમાં પણ ખૂબ જ નિષ્ઠાયુક્ત સેવાઓ સુપેરે કરી હતી. કથાવાર્તાનું અંગ હોવાથી તેઓએ આજુબાજુનાં ૨૦૦થી પણ વધુ ગામોમાં કથાવાર્તા કરીને અનેક યુવકોમાં સત્સંગની નિષ્ઠાનું સિંચન કર્યું હતું. તેઓ અનેકવાર પરદેશમાં પણ સત્સંગ વિચરણ માટે ગયા હતા. છેલ્લાં કેટલાંક વર્ષોથી ભાવનગર મંદિરમાં શ્રી નીલકંઠવર્ણી મહારાજની સેવા કરી રહ્યા હતા. સરળ, નિષ્ઠામય, સેવામય અને નિર્માની તેઓએ આજીવન તન, મન, ધનથી સત્સંગની સેવા કરીને ગુણાતીત ગુરુવર્યોનો અનન્ય રાજીપો પ્રાપ્ત કર્યો હતો. આ સેવાનિષ્ઠ ભક્તરાજને હાર્દિક શ્રદ્ધાંજલિ....

**ભક્તરાજ શ્રી તુલસીભાઈ નાગજીભાઈ વાળા, વલ્લભીપુર, ઉં.વ. ૮૨, અક્ષરવાસ તા. ૨૬-૨-૨૦૨૩**



ભાવનગર જિલ્લાના વલ્લભીપુર ગામના વતની શ્રી તુલસીભાઈને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના સમયથી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો રંગ લાગ્યો હતો. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી વર્ષો સુધી નિઃસ્વાર્થ ભાવે ખંતપૂર્વક, મમત્વ અને નિષ્ઠાથી ભાવનગર મંદિરની વિવિધ સેવામાં અવિરત જોડાયેલા રહ્યા હતા. પોલિટેકનિક કૉલેજમાં આચાર્ય હોવા છતાં તેઓ સત્સંગની નાનામાં નાની સેવા કરતા. સન ૧૯૯૯માં નિવૃત્ત થયા પછી તેઓ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી મંદિરની બાંધકામની સેવામાં જોડાઈ ગયા હતા. ભાવનગર શિખરબદ્ધ મંદિર, લાતીબજાર મંદિર તેમજ ગ્રામ્ય વિસ્તારનાં અનેક મંદિરોમાં સંતોની સાથે રહીને સેવા કરીને સ્વામીશ્રીનો રાજીપો પ્રાપ્ત કર્યો. છેલ્લા સમયમાં સત્સંગના ગ્રંથોનું સતત વાંચન અને કથાવાર્તા શ્રવણમાં મગ્ન રહેતા. આજીવન નિયમ-ધર્મમાં દૃઢ રહીને, કુટુંબીજનોમાં પણ સેવા-નિષ્ઠાના સંસ્કારોનું સુપેરે સિંચન કરીને, સત્સંગની અનેકવિધ સેવા કરીને ગુણાતીત ગુરુવર્યોની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ...

**ભક્તરાજ શ્રી અરુણભાઈ છોટાલાલ અજમેરા, બેંગલોર, ઉં.વ. ૮૩, અક્ષરવાસ તા. ૪-૪-૨૦૨૩**



મૂળ ગઢડાના છેલ્લાં ૫૦ વર્ષથી બેંગલોરમાં સ્થાયી થયેલા શ્રી અરુણભાઈ અજમેરા ખૂબ જ સેવાભાવી, લાગણીશીલ અને દરેકને મદદરૂપ થાય તેવા હરિભક્ત હતા. સ્વામીશ્રી સન ૧૯૭૬માં દક્ષિણ ભારતમાં વિચરણ અર્થે પધાર્યા ત્યારે ચાલક બનીને સેવામાં જોડાયા હતા. સન ૧૯૭૭માં પણ દક્ષિણ ભારતમાં વિચરણ અર્થે પધાર્યા ત્યારે સ્વામીશ્રીનો ઉતારો તેમના ઘરે હતો. સમગ્ર જીવન દરમિયાન તન, મન અને ધનથી સત્સંગની સેવા કરીને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ તથા પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજનો ખૂબ રાજીપો પ્રાપ્ત કર્યો હતો. તેઓના અક્ષરવાસથી બેંગલોર સત્સંગમંડળને એક પાયાના ભક્તની ખોટ પડી છે તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ...

**ભક્તરાજ શ્રી કનુભાઈ ઠાકર, બિલિમોરા, ઉં.વ. ૭૪, અક્ષરવાસ તા. ૨૭-૨-૨૦૨૩**



મૂળ ઉમરેઠના વતની શ્રી કનુભાઈ ઠાકર સન ૧૯૮૦માં સત્સંગના યોગમાં આવ્યા હતા. સન ૧૯૮૧માં ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવમાં સત્સંગની વિશેષ દૃઢતા થઈ. બીલીમોરા સત્સંગમંડળના પ્રારંભનાં વર્ષોમાં તેમના નિવાસસ્થાને જ સભા થતી હતી. આજુબાજુનાં ગામોમાં પણ સાઇકલ લઈને સત્સંગ કરાવવા માટે જતા. સંસ્થા દ્વારા ઊજવાયેલા દરેક મહોત્સવમાં સેવારત રહ્યા. નોકરીમાંથી નિવૃત્તિ બાદ ગણદેવી, નવસારી, જબલપુર મંદિરમાં મહિમાપૂર્વક ઠાકોરજીની સેવા કરીને ગુણાતીત ગુરુવર્યોનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. નિષ્ઠા, મહિમા સાથે નિયમધર્મની દૃઢતા વગેરે સદ્‌ગુણો તેઓના જીવનના અવિભાજ્ય અંગ સમાન હતા. અંતિમ શ્વાસ સુધી સત્સંગની સેવા કરનાર આ સેવાભાવી ભક્તરાજને હાર્દિક શ્રદ્ધાંજલિ...

## મહામહોપાધ્યાય પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીનું 'વેદશાસ્ત્ર પંડિત સન્માન'થી બહુમાન



મહામહોપાધ્યાય પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીનું સંસ્કૃત સેવાયજ્ઞમાં વિશિષ્ટ યોગદાન છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને તેઓના આશીર્વાદથી ઉપનિષદ-ભગવદ્ગીતા-બ્રહ્મસૂત્રની પ્રસ્થાનત્રયી પર મૌલિક સ્વામિનારાયણ ભાષ્યો રચીને તેમણે ભારતીય તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં અને સંસ્કૃત જગતમાં અમૂલ્ય મૌલિક યોગદાન આપ્યું છે. પાંડિત્યપૂર્ણ ગ્રંથરાશિના નિર્માણ દ્વારા તેમણે સંસ્કૃત સાહિત્યને વધુ સમૃદ્ધ કર્યું છે. આ વિશિષ્ટ પ્રદાન બદલ ગુજરાત સાહિત્ય અકાદમીએ તા. ૧૯ જૂન ૨૦૨૩ના રોજ, ગુજરાત વિશ્વવિદ્યાલય સ્થિત શ્યામાપ્રસાદ મુખર્જી સભાગૃહ ખાતે 'સંસ્કૃતોત્સવ કાર્યક્રમ'માં, સાહિત્યપ્રેમી વિદ્વાનોની ઉપસ્થિતિમાં, મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામીને 'વેદશાસ્ત્ર પંડિત સન્માન' અર્પણ કર્યું છે. આ બહુમાન અર્પણ કરીને ગુજરાત સાહિત્ય અકાદમીએ જણાવ્યું હતું કે આવું વિશિષ્ટ પ્રદાન આપનાર વિદ્વત્તાસભર સંતનું બહુમાન કરવા બદલ ગુજરાત સાહિત્ય અકાદમી પણ ગૌરવ અનુભવે છે. પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં, તેઓના આશીર્વાદથી અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સન્માનો પ્રાપ્ત કર્યાં છે. આ એક વધુ સન્માનથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું ગૌરવ વિશેષ અભિવૃદ્ધિ પામ્યું છે. તેઓને હાર્દિક અભિવંદન.

## શ્રી કનુભાઈ સી. પંચાલ, અમદાવાદ. લલિતકલા ગૌરવ પુરસ્કારથી સન્માનિત



અમદાવાદના સંનિષ્ઠ હરિભક્ત અને કલાશિક્ષક શ્રી કનુભાઈ સી. પંચાલે ચિત્રકાર તરીકે અનેકવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સન્માનો પ્રાપ્ત કર્યાં હતા. ચિત્રકલા ક્ષેત્રે આપેલા યોગદાનને લક્ષમાં લઈને ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીએ તેઓને વર્ષ ૨૦૧૯-૨૦૨૦નો 'લલિતકલા ગૌરવ પુરસ્કાર' એનાયત કર્યો છે. આ વિશિષ્ટ ગૌરવપૂર્ણ સન્માન મેળવવા બદલ શ્રી કનુભાઈને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા વતી હાર્દિક અભિનંદન...

# ચાતુર્માસના વિશેષ નિયમો



**પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા મુજબ, પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પ્રસન્નતા માટે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ સર્વે હરિભક્તોએ ચાતુર્માસના નિયમો નીચે મુજબ ગ્રહણ કરવા. અષાઢ સુદ ૧૧, તા. ૨૯-૬-૨૦૨૩ થી કાર્તિક સુદ ૧૧, તા. ૨૩-૧૧-૨૦૨૩ સુધી આ નિયમોનું પાલન કરીને શ્રીહરિ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ તથા પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરીએ :**

**વાંચનયજ્ઞ:** નીચે આપેલાં પુસ્તકોનું ચાતુર્માસ દરમ્યાન વાંચન કરવું.

૧. નિત્ય વચનામૃત અને સ્વામીની વાતોનો પાઠ અથવા શ્રવણ.
૨. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ: ભાગ-૭ અને ભાગ-૮ (વિસ્તૃત જીવનચરિત્ર) વાંચન અથવા 'અક્ષર અમૃતમ્' એપ દ્વારા નિત્ય ૧૫ મિનિટ શ્રવણ કરવું.
૩. ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ભક્તરત્નો, ભાગ-૫ અને ૬ વાંચન અથવા 'અક્ષર અમૃતમ્' એપ દ્વારા શ્રવણ કરવું.

**વ્રત-તપયજ્ઞ:** શારીરિક દૃષ્ટિએ અનુકૂળ હોય તેમણે ધારણાં-પારણાં, ચાંદ્રાયણ વગેરે વ્રત-તપ કરવાં અથવા શ્રાવણ માસમાં એકટાણાં વ્રત કરવું.

**ભક્તિયજ્ઞ:** દરરોજ પાંચ કે વધુ માળા અધિક ફેરવવી. અધિક દંડવત, અધિક પ્રદક્ષિણા વગેરે શ્રદ્ધા અનુસાર કરવાં. એક સ્નેહીને પાકા સત્સંગી થવા માટે પ્રેરણા આપવી.

**દર્શન-શ્રવણયજ્ઞ:** ઓડિયો-વીડિયોના માધ્યમથી પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજનાં પ્રસંગો, આશીર્વચનોનું દરરોજ ૭ થી ૧૦ મિનિટ શ્રવણ કરવું.

**ગુણકથન યજ્ઞ:** દર અઠવાડિયે ગુરુહરિ સ્વામીશ્રીનો એક નવો પ્રસંગ શક્ય તેટલા વધુ સગાં-સ્નેહીઓને રૂબરૂ કહીને કે પત્ર દ્વારા અથવા અન્ય માધ્યમથી જણાવવો.

**પારિવારિક નિયમો:** ઘરસભા કરવી: સામૂહિક રીતે ઘરસભામાં વાંચન, શ્રવણ, દર્શન તથા મનન કરીને ગોષ્ઠિ કરવી.

- દર મહિને એકવાર એક સંબંધી પરિવારને ઘરસભામાં બોલાવવા. આખું વર્ષ એક જ સંબંધી પરિવારને ઘરસભામાં બોલાવવા પણ દર મહિને નવા નવા પરિવાર આવે તેમ ન કરવું.
- એક નવા પરિવારને ઘરસભા કરતા કરવા.









# બિપોરજોય વાવાઝોડામાં અસરગ્રસ્તોની વહારે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા...


તાજેતરમાં હિંદ મહાસાગરમાંથી ઉત્પન્ન થયેલું બિપોરજોય વાવાઝોડું ગુજરાતના સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોમાં ત્રાટક્યું હતું. આ વાવાઝોડું તા. ૧૬-૬-૨૦૨૩ના રોજ સાંજે ૮ વાગ્યે જખૌ બંદરેથી ગુજરાતમાં પ્રવેશ્યું હતું. પ્રતિકલાક ૧૨૫ કિ.મી.ની ઝડપે ફૂંકાતા સુસવાટા ભર્યા પવનોની સાથે સાથે વરસાદે પણ તાંડવ મચાવતાં ગુજરાતના પશ્ચિમ કિનારે ખૂબ જ મોટી મુશ્કેલી સર્જાઈ હતી. આ વાવાઝોડું લેન્ડફોલ થયા પૂર્વે અને પછી એમ કુલ પાંચ દિવસ સુધી ફૂંકાયેલા આ તોફાની પવને જાહેર રોડ-રસ્તાઓ, ઘરોના નળિયાં-પતરાં, પશુઓ બાંધવાના શેડ, હજારો વૃક્ષોને ધરાશાયી કરીને તબાહી મચાવીને જાનમાલને મોટું નુકસાન પહોંચાડ્યું હતું. વીજળી, રેલવે અને સંદેશાવ્યહવારના તમામ જાહેર સેવાના વ્યવહારો ઠપ્પ થઈ ગયા હતા. ગ્રામીણ પ્રદેશમાં પાણી ભરાઈ જતાં જનજીવન ખૂબ જ પ્રભાવિત થયું હતું. જો કે હવામાન વિભાગની આગાહી પ્રમાણે ચક્રવાતની પૂર્વે અને પછીની પરિસ્થિતિને પહોંચી વળવા ગુજરાત સરકારે ૮ જિલ્લાના ૯૦ હજારથી વધુ લોકોને સલામત સ્થળોએ આશરો આપીને મોટી જાનહાનિ ટાળી હતી.

કેનેડામાં ટોરન્ટો બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે વિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આ વાવાઝોડું દરિયામાં શમી જાય તેમજ નુકસાન ઓછું કરે તે માટે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ સમક્ષ વિશેષ ધૂન-પ્રાર્થના-માળા કરી હતી.

સ્વામીશ્રીની આજ્ઞાથી ભુજ, જામનગર, જૂનાગઢ, સારંગપુર વગેરે બી.એ.પી.એસ. મંદિરોમાં અસરગ્રસ્તોના રાહતકાર્ય માટે ૫૦,૦૦૦થી વધુ ફૂડપેકેટ્સ તૈયાર કરવામાં આવ્યાં હતાં. વાવાઝોડા વચ્ચે હરિભક્તો પોતાની ચિંતા કર્યા વગર રાહત-સેવામાં પરોવાઈ ગયા હતા. અસરગ્રસ્ત ગામોમાં પહોંચીને સંતો-સ્વયંસેવકોએ અસરગ્રસ્તોમાં ફૂડપેકેટ્સનું વિતરણ કર્યું હતું. અસરગ્રસ્તોએ મુશ્કેલીની ઘડીએ બી.એ.પી.એસ. દ્વારા મળેલી આ મદદ બદલ રાહતની લાગણી અનુભવી હતી.





## કેનેડા-ટોરન્ટોમાં વિવિધ અવસરો મહંત સ્વામી મહારાજનાં સાંનિધ્યમાં

પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી નોર્થ અમેરિકા ખાતે નિર્માણાધીન ભવ્ય અક્ષરધામના મહોત્સવનો દીપ પ્રગટાવીને કેનેડા-ટોરન્ટો ખાતે બિરાજમાન મહંત સ્વામી મહારાજે તા. ૨૫-૬-૨૦૨૩ના રોજ 'ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન'નો મંગલ આરંભ કર્યો હતો. તા. ૨૧ જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસના ઉપક્રમે કેનેડા ખાતે બિરાજમાન મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં સંતો-ભક્તોએ પ્રત્યક્ષ યોગ સાધીને ઊંડી આધ્યાત્મિક અનુભૂતિ કરી હતી.

Swaminarayan Prakash Gujarati, July-2023, Published on 1-7-2023. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2021-2023, Valid upto 31-12-2023, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2021-2023, Valid upto 31-12-2023.





## કેનેડામાં મહંત સ્વામી મહારાજનું દિવ્ય સાંનિધ્ય

કેનેડાના મહાનગર ટોરોન્ટો ખાતે તા. ૯-૬-૨૦૨૩ના રોજ પધારીને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં બિરાજતા મહંત સ્વામી મહારાજનું હજારોની ભક્તમેદનીએ ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. અહીં સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવાયેલા વિવિધ ઉત્સવો પૈકી રથયાત્રા ઉત્સવની એક સ્મૃતિઝલક.







Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas